R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

Since 1924...

સળંગ વર્ષ ૧૦૧મું

VOLUME : 06 • ISSUE : 01 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH NOVEMBER 2025

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

HD FIRE PROTECT
Protecting what matters most to you

| PASSION | EXCELLENCE | GROWTH |




At HD Fire, we don't just make fire-fighting products; we provide peace of mind.
With installations in 25,000+ locations across 90 countries, we bring safety when it matters the most.

HD FIRE PROTECT PVT. LTD.
Corporate Headquarters: D-6/2, Road No. 34, Wagle Estate, Thane 400604, India
Tel: +(91) 22 21582600 | Fax: +(91) 22 21582602 | Email: info@hdfire.com

UL LISTED · FM APPROVED · VdS · CE

www.hdfire.com | @HdFireProtectPvtLtd | @hd-fire-protect | @TheHdfire

With Best Compliments from:

# MICROFINISH

**Pumps • Valves • Automation**




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# દાતા પરિવારને નતમસ્તક વંદન



– CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150

કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિને શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર જેવો દાનવીર પરિવાર મળ્યો છે એ જ્ઞાતિનું સદભાગ્ય છે. આ પરિવાર સમાજના ભાઈ-બહેનોની ઘણી જરૂરિયાતોનું ધ્યાન રાખે છે. સ્વર્ગસ્થ શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ખૂબ જ ઉદાર હૃદયના અને જ્ઞાતિ માટે મદદગાર, સ્વપ્નદ્રષ્ટા, સાચા આસ્તિક અને જૈન ધર્મના અનુયાયી હતા. તેમના સેવાના સંસ્કારોને અનુસરી આજે તેમના ત્રણે પુત્રો અને તેમના પરિવારના સભ્યો જ્ઞાતિજનોને મદદરૂપ થતા રહ્યા છે.

આ પરિવારે સતત અસંખ્ય કાર્યોમાં સહયોગ આપ્યો છે, દાન કર્યા છે અને વખતોવખત જરૂરતમંદોને મદદરૂપ થતા રહ્યા છે. હું તેમનો આ સ્થળેથી આભાર માનું છું કે તેમણે વંદના યોજનાને વધુ એક વર્ષ માટે ચાલુ રાખી છે. આ યોજના હેઠળ વરિષ્ઠ નાગરિકો, વિધવાઓ અને અપંગોને દર મહિને ૪૦૦૦ રૂપિયાની નાણાકીય સહાય આપવામાં આવે છે. જે પરિવારની વાર્ષિક આવક ૨.૫ લાખ રૂપિયાથી ઓછી હોય તે પરિવારને આ સહાય અપાય છે. અને જો આવા પરિવારમાં બે થી વધુ વ્યક્તિઓ હોય, તો તેમને દર મહિને ૬૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૧૦૦૦ થી વધુ પરિવારોએ આ યોજનાનો લાભ લીધો હતો. ગત વર્ષની જેમ જ આ વર્ષે પણ ઈચ્છુક લાભાર્થીઓ માટે અરજી કરવા ગુગલ લિંક ઉપલબ્ધ છે. લાભાર્થીઓને ફોર્મ લેવા માટે જવામાં મુશ્કેલી ન પડે તેની સંપૂર્ણ કાળજી લેવામાં આવે છે. સહાયની રકમ સીધી લાભાર્થીના બેંક ખાતામાં જમા થાય છે તેથી ચેક લેવા માટે જવાની કોઈ જરૂર નથી જેથી વધુ ઉંમરના લોકોને કોઈ મુશ્કેલી નહીં પડે. ભારતમાં ગમે ત્યાં રહેતા કોઈપણ કેડીઓ ભાઈ/બહેન આ યોજનાનો લાભ લઈ શકે છે.

શેઠ શ્રી રાયચંદ હંસરાજ પરિવારે કોવિડના સમયમાં જરૂરિયાતમંદ પરિવારોની ખૂબ કાળજી લીધી હતી એનું સ્મરણ થાય છે. આ પરિવાર જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહયોગ આપીને તેમની સંભાળ રાખી રહ્યો છે. સમગ્ર ભારતમાં વિવિધ કેડીઓ સંસ્થાઓને આ પરિવારે આપેલા દાનથી કદઓ જ્ઞાતિની પ્રગતિમાં ઘણી મદદ થઈ છે. આ પરિવારની ઉદારતાની યાદી ખૂબ જ લાંબી છે એટલે ફક્ત એક લેખમાં બધું લખવું સંભવ નથી.

આપણી જ્ઞાતિમાં ૨૦૦૦થી વધુ પરિવારો એવા છે કે જેમને જીવનના અલગ અલગ વિભાગોમાં મદદની જરૂર છે. મને ખાત્રી છે કે જ્ઞાતિના જરૂરતમંદ ભાઈ-બહેનોની મદદ માટે હજુ વધુ પરિવારો આગળ આવશે, તેમને સહયોગી બની તેમના જીવનને વધુ સુગમ અને સુવિધાયુક્ત બનાવશે. બેરોજગારી આપણી જ્ઞાતિ માટે એક મોટી સમસ્યા છે. ઉદ્યોગ વેપાર જગતના જ્ઞાતિના અગ્રણીઓએ આ બાબત ઉપર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ.

શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારના શાનદાર કાર્યો, ઉદારતા અને કેડીઓ જ્ઞાતિને સમર્થન અને આર્થિક સહયોગ આપવા બદલ પ્રકાશ સમીક્ષા સમિતિ તરફથી અભિનંદન અને નતમસ્તક વંદન.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના

ઍડ. શૈલેશ સનત્ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતસી શાહ

શિલ્પાબેન અજાણી

જયંત વિશનજી છેડા

ઍડ. કેતન મધુકાંત લોડાયા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૬, અંક : ૦૧, તા. ૫-૧૧-૨૦૨૫**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## જાહેરાતની રકમ ભરવા બેંક એકાઉન્ટની વિગત

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાતની રકમ ભરનારાઓએ ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |


**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન



(ભાગ : ૫૨)

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭



મનમોહનસિંહ સોઢા

પાર્શ્વવલ્લભ મંદિરમાં સવાર વહેલી થઈ ગઈ, કેટલાક યાત્રાળુ સેવા પુજાનો લાભ લેવા મંદિરમાં પધારી રહ્યા હતા. અહિંયા ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથની સોહામણી મૂર્તિ મુળનાયક તરીકે સ્થાપિત છે. દંતકથા છે કે શ્રી વલ્લભ નામના પૂ. સાધુ મહારાજને અહિંયા તેમના ચાતુર્માસ દરમ્યાન શ્રી નાગદેવતાનાં દર્શન થતા. નાગરાજ કદાચ પૂ. શ્રીના આશિર્વાદથી તેમના ચાતુર્માસ સુધી દેખાયો પછી ક્યાં અલોપ થઈ ગયો તે ખબર પડી નહીં. આ મંદિરનું નામાભિધાન તેથી ''પાર્શ્વવલ્લભ'' થયું એવી લોકવાયકા છે.

અરજણભાઈની રસોડાનાં મહારાજ સાથે ઓળખાણ હોવાથી અમને બન્નેને રસોડામાં સવારનાં ગરમા ગરમ ચાયનાં બે કપ મળી ગયેલા તેની ચુસકી મારતા અમે આજનાં કાર્યક્રમની ચર્ચામાં રોકાયા. આજે અમે ધીણોધર ડુંગરની મુલાકાતે જવાનાં હતા અને બપોર પછી શ્રી મનમોહનસિંહ સોઢાનાં ફોસીલ પાર્કની મુલાકાતે-કચ્છમાં આ નિવૃત્ત સૈન્ય અધિકારીએ પોતાના શોખ ખાતર ફોસિલ (અસ્મિઓ) ભેગા કરવાનાં શરૂ કર્યા અને એક મ્યુઝિયમ ઉભું કરી દીધું.

હવે લગભગ બધા યાત્રિકો મંદિરનાં પરિસરમાં હતા. કેટલાક કચ્છની નિર્મળ હવા ફેફસામાં ભરી રહ્યા હતા. કેટલાક લોનમાં યોગા કરી પોતાને કુશળ બનાવી રહ્યા હતા. નિતિનભાઈ પાણીની બોટલમાંથી ઢુકળે-ઢુકળે પાણી પી લટાર મારી રહ્યા હતા. રસોડામાંથી નવકારશીની સુગંધ પ્રસરી રહી હતી.

હું અરજણભાઈ અને રમજુ નવકારશીનો લાભ લેવા ભોજનશાળા તરફ સરક્યા. કચ્છમાં આવેલ જૈન તીર્થોની ભોજનશાળામાં, મગ, પુરી પૌઆ તથા એકાદ ફરસાણ તો નવકારશીમાં પીરસાય. ક્યાંક-ક્યાંક હવે મિઠાઈ પણ પિરસાય છે.

બધા યાત્રાળુઓને દેવદર્શન વિધી પતાવી બસમાં ૯.૩૦ સુધી ગોઠવાઈ જવાનું કહેલ તેથી અમે બધાનાં રૂમ ચેક-આઉટ કરી બસ તરફ વળ્યા.

અહિંથી અમે ધીણોધર ડુંગરની પરિક્રમા કરવાનાં હતા. થાન જાગીર પર ૧૦ વાગે પહોંચી લગભગ ૧ કલાકનું ટ્રેકિંગ કરવાનું હતું. રમજુ અને હું યાત્રિકોને માર્ગદર્શન આપતા સાથે ચાલવાનાં હતા. ધીણોધરની ટોચ ઉપર યાત્રાળુઓને આરામ કરવા એક નાની મઢુલી હતી. કેટલાક કાનફટા બાવાઓએ અહિં વર્ષોથી સ્થાન જમાવેલું. યાત્રાળુઓને ચા-પાણીની મદદ કરતા. ધીણોધર ઉપરથી ૪૦૦ પગથિયા ઉતરી નીચે આવવાનું હતું અને અહીંથી નખત્રાણા. અમારા યાત્રિકોમાં ફક્ત એક ૬૦ વર્ષિય હીરાબેન કદાચ ટ્રેકિંગ નહીં કરી શકે એવું અમને લાગ્યું પણ આ બહેને તો મકમતાથી ડુંગર ચડવાનું શરૂ કરી દીધું. લગભગ ૪૫ મિનિટમાં અમે જંગલની હવાની મજા માણતા, પક્ષીઓનો કેકારવ સાંભળતા ધીણોધરની ટોચ ઉપર પહોંચી ગયા જ્યાં અરજણભાઈએ લીંબુ સરબતની વ્યવસ્થા કરાવેલી.

ધીણોધરની ટોચ ઉપરથી આજુબાજુનું દ્રશ્ય લીલુંછમ દેખાતું હતું. ડબલ એન્જિનની સરકાર પછી કચ્છની ખેતી સમૃદ્ધ બની છે. દુર-દુર ખેતરોમાં ટ્રેક્ટર ચાલી રહેલા દેખાતા હતા. નીચે દેવીસરના પ્રાંગણમાં આવેલ શાળાનાં મેદાનમાં રમતા બાળકો દેખાતા હતા.

લીબું સરબત પી અમે ૪૦૦ પગથિયા ઉતરવાનું ચાલુ કર્યું જ્યાં અરજણભાઈની બસ તૈયાર હતી.

અહિંથી નખત્રાણામાં આવેલ એક હોટલમાં જમવાનું હતું જ્યાં પંજાબી, ચાઈનીઝ અને ગુજરાતી થાળીની વ્યવસ્થા



યક્ષ બૌતેરા – કચ્છ

હતી. ''જેને જે મંગાવવું હોય તે મંગાવી લેજો'' કહી અરજણભાઈ હોટલનાં માલિક સાથે વાતે વળગ્યા.

આરામથી જુદી-જુદી વાનગીઓનો ટેસ્ટ માણી અમે સૌ બહાર ઉભેલ બસ તરફ વળ્યા. અહિંયાથી દેવીસર થઈ મનમોહનસિંહ સોઢાના ફોસીલ પાર્કમાં જવાનું હતું, પણ તે પહેલાં અહિં બિરાજમાન ૭૨ યક્ષનાં મંદિરની મુલાકાત લેવાની હતી.

૭૨ મંદિરનાં જખ દરિયામાં વહાણ તુટી પડતાં કચ્છમાં આવીને વસેલ. ૭૨ જખ અને એક માતાજી એમ અહીં સ્થાઈ થયેલ. દંતકથાઓ મુજબ પુંવરોગઢમાં તેઓ આવીને પ્રથમ વસ્યા. પુવંરોગઢ ઈ.સ. ૮૭૮ની આસપાસ, લાખો ફુલાણીના પુત્ર પુંવરાએ બાંધેલ. પુંવરોગઢમાં મંદિરની ૭૨ સુંદર મુર્તિઓ સ્થાપિત થઈ પછી તેના સોમપુરાને પ્રથમ હીરા-માણેકથી નવાજી પુંવરાએ તેના બન્ને હાથ કાપી નાખ્યા જેથી આવી સુંદર મુર્તિઓ ફરીથી બનાવી ન શકે.

અમારી બસ મંદિરની તળેટીમાં આવી ઉભી રહી. અહિંથી ૭૨ પગથીયા ચડી મંદિરમાં પહોંચવાનું હતું. જમ્યા પછીની આ કસરત કેટલાક યાત્રિકોએ ટાળી તો કેટલાક જિજ્ઞાસુ યાત્રિક ધીમે-ધીમે પગથિયા ચડવા લાગ્યા.

અરજણભાઈએ અહીં મીનાક્ષી મંદિરની સમકૃતિ વાળા એક મંદિર પાસે બસ ઉભી રાખી. અહીંયા વર્ષોથી એક કેરાલાનાં સદ્‌ગૃહસ્થ પુજા કરી મંદિરની ગાયોની સંભાળ લે છે, તેમજ ૭૨ જખ પર આવનાર યાત્રાળુઓને ચા-પાણી પીવડાવે છે. પણ બાજુમાં જ શેરડીનો રસ કાઢનાર હતો તેથી લગભગ યાત્રિકો રસપાન કરવા ત્યાં પધાર્યા.

રસપાન કરી હવે અમે ફોસિલ પાર્ક તરફ આગળ વધ્યા. ફોસીલ પાર્કમાં મનમોહનસિંહ સોઢા અમારૂં સ્વાગત કરવા ઉભા હતા.

આ ફોસિલ પાર્ક નિવૃત્તિમાં પ્રવૃત્તિમાંથી ઉભું થયેલ છે. ચાલો થોડુંક શ્રી મનમોહનસિંહ સોઢા વિશે જાણીયે.

ઘણા વર્ષો પહેલાં ટુરિસ્ટ ગાઈડ તરીકે આ ક્ષેત્રમાંથી પસાર થતો હતો ત્યારે મારા જ વ્યવસાયના એક ભાઈએ મને સોઢાના ફોસિલ પાર્કની મુલાકાત લેવાનું સુચવ્યું. ત્યારથી યાત્રિકોને ફોસિલ વિશે જાણવાની ઈચ્છા હોય તો તેમને સોઢાનાં ફોસિલ પાર્કમાં લઈ આવતો.


એમની સાથે મારી પ્રથમ મુલાકાત ઈ.સ. ૧૯૭૭-૭૮ની આસપાસ થયેલી. સોઢાનું રહેઠાણ પાકિસ્તાનમાં હતું. ઈ.સ. ૧૯૭૧નાં પાકિસ્તાનનાં યુદ્ધમાં તેમણે ભાગ લીધેલ. પછી બધું છોડી અહિં નખત્રાણામાં વસ્યા. ધીમે-ધીમે ફોસિલ (અસ્મિ) ભેગા કરતાં એક વિશાળ પાર્ક બનાવી દીધો.

ફોસિલ પાર્કમાં પહોંચતા જ શ્રી મનમોહનસિંહ સોઢા અમારૂં સ્વાગત કરવા તૈયાર હતા. એ ચા ના જબરા શોખીન હતા. પોરબંદરમાં મળતો કાવો તેઓ સારી રીતે બનાવતા. તમારે કઈ જાતની એટલે આસામ કે દાર્જિલિંગ કે પછી કચ્છની રગડો ચા કે મુંબઈની કટીંગ ચા પીવી છે, બસ મન કરો અને સોઢાજી ૧૦ મિનિટમાં તૈયાર કરી આપે. એમની તુલસી ચા ના હું અને અરજણ શોખીન રહ્યા છીએ તેથી તેઓ એ સાથે તૈયાર હતા. તેમની પાસે કોફીના બી દળવાનું મશીન છે. તેઓ પોતે ફ્રેશ કોફી પાવડરની કોફી પીવડાવે.

મદુરાઈમાં આવેલ મીનાક્ષી મંદિરને વખતોવખત નુકશાન થયેલ જે જુદા-જુદા રાજાઓએ તેને ફરીથી સમારકામ કરાવેલ. હાલનું મંદિર નાયક રાજવંશોએ ૧૬મી ને ૧૭મી સદીમાં સુશોભિત કરેલ છે.

૮૦૦ વર્ષથી પણ પુરાણાં મંદિરને પાનડયન, વિજયનગર અને નાયક રાજવંશોએ વખતોવખત ૧૬મી ને ૧૭મી સદીમાં સુશોભિત કરેલ છે.

વધુ આવતા અંકે...



મીનાક્ષી મંદિર – મદુરાઈ

વનિતા વિશ્વ

# GENERATION GAP (જનરેશન ગેપ)

- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com



જનરેશન ગેપ એટલે બે પેઢી વચ્ચેનું અંતર. આ અંતર સદીઓથી જ રહ્યું છે અને રહેવાનું જ છે. જોકે આ અંતર હમણાં ધીરે - ધીરે ઘટી રહ્યું છે. આજના માતા-પિતા ભણેલા ગણેલા હોવાથી સંતાનને સારી રીતે સમજી શકે છે.

પહેલાનાં સમયમાં મા-બાપ ઓછા ભણેલા હોવાથી પોતાના રૂઢિચુસ્ત રિવાજોને છોડતા નહીં. જ્યારે સંતાનો શિક્ષણ સાથે - સાથે વિચારોમાં પરિવર્તન આવવાથી વધુને વધુ સ્વતંત્રતા ઈચ્છતા થઈ ગયા અને ત્યારે જ ઘર્ષણ પેદા થયું.

હજી થોડાક વર્ષો પહેલાં મા-બાપ કહે તેમ જ સંતાનોને કરવું પડતું. એમાં ય ખાસ કરીને છોકરીઓ માટે ખૂબ જ કડક વલણ અપનાવવામાં આવતું. છોકરીઓ સાંજ પછી બહાર જાય નહીં. છોકરાઓ સાથે વધુ બોલે નહીં. ભણવું હોય તો ભલે પણ નોકરી કરવા દેવી નહીં. છોકરાઓ માટે પણ ભણવા માટે તો શું પણ નોકરી કરવા માટે પણ બહુ દૂર મોકલતા નહીં. મા-બાપને મન સંતાનો એમની નજર સામે જ રહે તે જ ઈચ્છનીય હતું.

જ્યારે આજના યુવાનો ફોરેન ભણવા માટે જાય છે. નોકરી પણ ફોરેનમાં જ કરીને ત્યાં જ સેટલ થવા માંગે છે. યુવતીઓ પણ જોબ કરીને પોતાની કેરિયર બનાવવા માંગે છે. એના માટે દિવસની હોય કે રાતની નોકરી (નાઈટ શિફ્ટ) કરવા માટે પણ બિન્દાસ જાય છે. આમાં મા-બાપને પણ અજુગતું લાગતું નથી. ગમે તે વિષય હોય સંતાનો મા-બાપ સાથે ચર્ચા કરતા અચકાતા નથી. ટીવી અથવા ફિલ્મ જેમાં અર્ધનગ્ન કલાકારોના ચેનચાળા, સાથે બેસીને જોતા પણ છોછ નથી.

એનાથી એમ માની લેવું કે હવે આપણે મોર્ડન થઈ ગયા છીએ? આપણી જ્ઞાતિ આવી પ્રગતિને માન્યતા આપે છે? એ જ મા-બાપ જ્યારે સંતાનોનું સગપણ અથવા લગ્ન કરવા ઈચ્છે છે ત્યારે એમ જ વિચારે છે આપણું સંતાન આપણી જ્ઞાતિમાં જ રહે, એટલે કે આપણી જ્ઞાતિમાં જ લગ્ન કરે. નહીંતર જે યુવાનો અન્ય જ્ઞાતિની કન્યાઓ પરણીને લાવે છે તેઓ પછી આપણા સમાજમાં બહુ ભળતાં નથી. તેઓ જ્ઞાતિથી વિમુખ થતા જાય છે. યુવતીઓ પણ જ્યારે પરજ્ઞાતિમાં પરણે છે ત્યારે તે પણ પોતાના પિયર અને જ્ઞાતિથી સાવ અલગ પડી જાય છે.

એટલે જ જરૂરી છે કે આપણે ક્યાંક-ક્યાંક બાંધછોડ કરવી જ રહી. છૂટ- છાટ આપવી પણ મર્યાદામાં રહીને તો વાંધો ન આવે. કદમથી કદમ મિલાવીને ચાલીશું તો જનરેશન ગેપ ધીરે ધીરે ઘટશે અને તે પણ મર્યાદામાં રહીને જ.

તમારૂ શું કહેવું છે?

## વાનગી પ્રતિયોગિતાની વધારાની જરૂરી સૂચનાઓ

૧. વાનગી પ્રતિયોગિતા ત્રણ પ્રકારની હશે. પારંપરિક મીઠાઈ, પારંપરિક ફરસાણ, અને થોડું ટ્વીસ્ટ (twist) આપીને ફ્યુઝન બનાવવાનું.

૨. વિડીયો શુટ બે થી ત્રણ મિનિટનું કરવાનું બાકી થોડા ફોટા મોકલજો. એક કાગળ પર રેસીપી લખીને મોકલવાની. તમારું નામ, ગામ, વતન, મોબાઈલ નંબર લખવાનું નહીં ભૂલતા.

૩. પ્રતિયોગિતાની અંતિમ તારીખ વધારીને ૫ ડિસેમ્બર કરેલ છે. તો જલ્દી-જલ્દી સારી સારી વાનગીઓ મોકલજો અને ઇનામોના હકદાર બનજો.

**પ્રકાશ સમીક્ષાના તા. ૨૦.૧૧.૨૦૨૫ના અંકના અતિથી સંપાદક તરીકે શ્રીમતી માલતીબેન હરીશ ધરમશી - જખૌ (નવી મુંબઈ) રહેશે.**

# શબ્દો

શબ્દોનો સમૂહ ફક્ત એક અવાજ નહીં,
એ તો મનમાં રચાઈ રહેલી એક ભાવના છે,
જાણે એક અદ્રશ્ય પડછાયાની અદ્‌ભુત છાયા છે.

અક્ષરથી અક્ષર મળે તો શબ્દ બની જાય છે,
શબ્દથી શબ્દ મળે તો વાક્ય બની જાય છે,
વાક્યથી વાક્ય મળે તો નિબંધ બની જાય છે,
એના પર અલંકાર ને આભૂષણ ને
વ્યાકરણનો શણગાર મળે તો રચના બની જાય છે,
આ બધું એક દોરામાં પરોવાય તો કવિતા બની જાય છે.

શબ્દોની રમત સાવ અનોખી ને અદ્‌ભુત છે,
ક્યારેક હૃદયના ઊંડાણમાં ઉતરી પોતાના બનાવે,
તો ક્યારેક હૃદયથી નીકળી પરાયા બનાવે,
ક્યારેક કાંટા બની દર્દ આપે તો
ક્યારેક મરહમ ચોપડી શાંતી આપે.

ક્યારેક મતભેદ ઊભા કરે તો ક્યારેક મનમેળ કરાવે,
ક્યારેક પોતાનાથી દૂર કર તો ક્યારેક પોતાના બનાવે,
ક્યારેક સત્યને અસત્ય બનાવે તો
ક્યારેક શબ્દોની જાળમાં ફસાવે,
ક્યારેક ગેરસમજ ઊભી કરે તો ક્યારેક ગેરસમજ દૂર કરે.

ક્યારેક માણસના ચરિત્રનું પ્રતિબિંબ બને,
તો ક્યારેક એના સ્વભાવનું દર્પણ બને,
ક્યારેક શબ્દો માણસની ઓળખ બને,
તો ક્યારેક પોતાની ઓળખ ગુમાવે આ શબ્દો,
ક્યારેક માણસ નહીં પણ માણસનો સમય પણ બોલે.

શબ્દોની પણ એક રમત હોય છે,
એની પણ અલગ ગમત હોય છે
ક્યારે શબ્દો સાથે ઉલજતા કાવ્યની થાય રચના
તો ક્યારેક શબ્દોની સાચી ગોઠવણી
લાગણીનો ધોધ વરસાવે છે.

ક્યારેક શબ્દો ને તલવાર સમજી વાપરીએ
તો કાળજા પણ વિંધાઈ જાય,
અને ક્યારેક શબ્દોને સોઈ સમજી વાપરીએ
તો હૈયા પણ સંધાઈ જાય,
ક્યારેક શબ્દોથી દિલો પર વાર થાય છે ને
દિલના ટુકડા હજાર થાય છે.

ક્યારેક ફક્ત એક શબ્દ અર્થનો અનર્થ કરી નાખે છે,
તો ક્યારેક ફક્ત એક શબ્દ માણસને નિશબ્દ કરી નાખે છે,
ક્યારે શબ્દોનો સ્વાદ પણ
અલગ અલગ અનુભવ કરાવે છે.

શબ્દ ભલે એજ હોય પણ
આપણા બોલે તો મધ જેવા મીઠા લાગે,
પરાયા બોલે તો ફીકા બેસ્વાદ લાગે,
અણગમતા બોલે તો કારેલા જેવા કડવા લાગે,
ને દુશ્મન બોલે તો તીખા મરચા જેવા તમતમતા લાગે છે.

કહે કનુ અરિહંતને...
હે પ્રભુ દયા રાખ કૃપા રાખ,
મારાથી શબ્દોનો દુરુપયોગ ન થાય,
મારાથી શબ્દોનું માન સચવાય,
મારા શબ્દોથી સંબંધ સચવાય
મારા શબ્દો મારી ઓળખ બને,
મારા શબ્દો નવા સંબંધનું સ્રોત બને,
મારા શબ્દોથી કોઈનું મન, કોઈની લાગણી ન દુભાય,
મારા શબ્દો મારું અભિમાન બને.

**- કનક જયેશ અજાણી-કોઠારા (માટુંગા સેન્ટ્રલ)**
kanakjajani@gmail.com

**સોનલ આર્ટ (થાણા)** શાંતિભાઈ : 99678 41792
બટકસબ, મોચી ટાંકો, જીક કસબ, પારસી, પીટા, હાથ અને મશીન વર્કની સાડીઓ, ચણીયાચોળીનો રેડી સ્ટોક તથા ઓર્ડરથી બનાવવામાં આવશે. સાચી જરીની જુની સાડીઓ વેંચી તથા જુની સાડીઓને ઓલ્ટર કરી આપવામાં આવશે
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

# મનીષ હીરજી શાહ-લાલકા

## દિલમાં દેશ અને પિતાનો સ્નેહ

આ દીકરાએ આર્થિક પ્રગતિ સાથે ઉદ્યોગમાં સરળતા, પારદર્શકતા લાવવાનું કામ કર્યું છે. એટલે પિતાને બહુ ગૌરવ થતો કે દીકરાએ વેપારને ખાસ્સો આગળ વધાર્યો. આજે પણ મનીષભાઈની ઓફિસની ખુરશી એમના પિતાની છે. કદાચ એ એમની રીત છે પિતાના સાંનિધ્યનો અનુભવ કરવાની



## વ્યક્તિત્વ

એમનું વ્યક્તિત્વ એવું કે મળનારને બે-ચાર મિનિટમાં લાગે કે વરસોથી એમને ઓળખે છે. આંખોમાં ચમક, વાતોમાં મીઠાશ અને વર્તનમાં આત્મીયતાથી છલકે છે તેઓ. કોટનના વેપારમાં એમણે આગવું સ્થાન બનાવ્યું છે. એમને મળવાનું થયું અને અનુભવ થયો પરોણાગતનો, એમના પ્રેમાળ સ્વભાવનો. એ છે આપણા પોતાના મનીષ શાહ-લાલકા.

વડાલા સ્થિત એમની ઓફિસ બપોરે પ્રવૃત્તિઓથી ધમધમતી હતી. એમની કંપની જયમન ટેક્સટાઇલ પ્રાઇવેટ લિમિટેડ. હસમુખા, ખુશમિજાજ મનીષભાઈ કામકાજની વ્યસ્તતા વચ્ચે, ‘‘આવો આવો, ઓફિસ શોધવામાં અગવડ તો નહીં પડીને ? શું લેશો, ચા, કોફી...’’ એટલા ભાવથી કહે કે તરત ખ્યાલ આવી જાય કે ઇન્ટરવ્યુ મજાનો રહેવાનો છે. ત્યાં તેઓ કહે, ‘‘મારી ગુજરાતી થોડી કાચી છે હં... આપણે બને એટલી વાતો ગુજરાતીમાં કરીશું પણ જવાબ ઇંગ્લિશમાં હોય તો પ્લીઝ, સંભાળી લેજો... ઓકે ?’’ તો, શરૂ થઈ વાતચીત.

૧૩ જૂન ૧૯૫૬માં એમનો જન્મ, મુંબઈમાં. ઘરમાં માબાપ, ચાર સંતાન. સૌથી મોટાં રીટાબહેન, પછી જયંતભાઈ, મનીષભાઈ અને રાજેન્દ્રભાઈ. એ સમયે પરિવાર સાયન રહેતો. પછી શિફ્ટ થયો વડાલા. મનીષભાઈનો શાળાકીય અભ્યાસ સાયનની પ્રીમિયર હાઈસ્કૂલ અને ગ્રેજ્યુએશન પોદ્દાર કોલેજથી. પિતા કોટનના વેપારમાં હતા. તેથી, કોલેજનો અભ્યાસ પત્યો અને મનીષભાઈએ ઝંપલાવ્યું વેપારમાં. એમની જેમ જ ૧૬-૧૭ની ઉંમરે જયંતભાઈએ પણ પિતાના વેપારમાં પ્રવેશ કર્યો હતો. મનીષભાઈ કહે છે, ‘‘આમ તો મેં અને જયંતભાઈએ બિઝનેસની દુનિયામાં દસમાની પરીક્ષા પછી કદમ માંડી દીધાં હતાં. દસમાની પરીક્ષા પત્યાના બીજા જ દિવસે મેં વેપાર માટે કોઇમ્બતુરની ટ્રેન પકડી હતી. મારે ત્યાં કાચો માલ સપ્લાય કરતા વેપારીઓને મળવાનું હતું. અમને રો કોટન પૂરું પાડતા વેપારીઓને મળવા નાનાંનાનાં ગામોમાં ફર્યો હતો. અમુક ગામમાં તો વીજળી પણ નહોતી. દરેક કામ સૂર્યાસ્ત પહેલાં આટોપી લેવું પડતું.’’ ટૂંકમાં, બેઉ ભાઈઓ કિશોરાવસ્થામાં પિતાનો સબળ આધાર બન્યા. સાથે જારી રાખ્યો અભ્યાસ અને કર્યું ગ્રેજ્યુએશન પણ.

પિતાના વેપારમાં જ કેમ ઝંપલાવ્યું ? મનીષભાઈ કહે છે, ‘‘પપ્પાનો વેપાર સારો હતો પણ એકલે હાથે બધી જવાબદારીઓને તેઓ પહોંચી વળતા નહોતા. પછી હું અને મોટા ભાઈ જયંતભાઈ વેપારમાં જોડાયા. અમારો દ્રઢ નિર્ધાર હતો કે પપ્પાના સપનાને આગળ વધારીએ અને વિકસાવીએ. એવું કંઈક કરી બતાવીએ જે પપ્પાને, પરિવારને ગૌરવની લાગણી કરાવે.’’ વેપારમાં નવા લોહી સાથે નવા વિચારો, નિર્ણય લેવાની નવી રીત વગેરે પરિમાણો ઉમેરાયાં. જયંતભાઈ અને મનીષભાઈએ પગરણ કરતાં પિતાનો વેપાર ખીલ્યો, ‘‘પપ્પા મુખ્યત્વે કોટનના બિઝનેસમાં હતા. કામકાજની પદ્ધતિ એવી કે બાંધેલી કિંમતે કામ થતું. કાચા માલમાં ભાવતાલ કરવાની અને નફાકારકતા વધારવાની ખાસ તક મળતી નહીં. અમને થયું આ સ્થિતિ બદલાય તો ફાયદો થશે.’’

ભવિષ્યમાં સ્થિતિ એમણે બદલી. એ પહેલાં રાત-દિવસ મહેનત કરીને વેપારની આંટીઘૂંટી શીખી. વેપારમાં નહીં જોયો દિવસ કે નહીં જોઈ રાત. અનુભવો મેળવવા સાથે પારિવારિક મોરચે પણ એક ડગલું આગળ વધ્યા. ૧૯૭૯માં એમના જીવનમાં મીનાભાભીના સ્વરૂપે નવી શક્તિ અને નવા સાથીનો ઉમેરો થયો. સમય જતાં દંપતીને ઈશ્વરે ત્રણ દીકરીઓનું વરદાન આપ્યું, મલ્લિકા, કાર્તિકા અને દેવાંશી.

વેપારને બજારની રસમ અને પિતાની ગોઠવણ પ્રમાણે આગળ વધારતાં મનીષભાઈના મનમાં કંઈક જુદું કરવાના વિકલ્પોનાં વાદળો બંધાતાં રહ્યાં. પછી મળ્યો રસ્તો. તેઓ જણાવે છે, ‘‘એ સમયે અમે મુખ્યત્વે ટ્રેડિંગમાં હતા. જીનર્સ અને મિલમાલિકો વચ્ચે અમે ઇન્ટરમીડિએટર હતા. અમારા વિના બેઉનાં કામ ના થાય. મારી ઇચ્છા ટેક્સટાઇલ મિલ શરૂ

કરવાની હતી. પપ્પા જોકે અલગ મત ધરાવતા હતા. એમનું અલગ વિચારવું વાજબી પણ હતું. તેઓ કહેતા કે મિલ શરૂ કરો એટલે વેપાર થાય કે ના થાય આપણે લાખોનો બાંધેલો ખર્ચે માથે લેવો પડે. એના કરતાં તો...'' છેવટે, ૧૯૯૧માં ખાસ્સો વિચાર કરીને પરિવારે જિનિંગ પ્રેસિંગ ફેક્ટરી કરી.. એ એક નવું સાહસ હતું લાંબા ગાળા માટે. નામ રાખ્યું લાલકા જિનિંગ પ્રેસિંગ.

ઉદ્યોગમાં આગળ વધતાં એમણે વેપારજગત માટે કોટન કોર્પોરેશન ઓફ ઇન્ડિયા એટલે સીસીઆઈને એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાની પ્રેરણા આપી. આ સંસ્થા સરકારની છે. એ ખેડૂતો પાસેથી મિનિમમ પર્ચેસ પ્રાઇસ પર કપાસ ખરીદીને, એના પર પ્રોસેસિંગ કરી, તૈયાર થતા રૂની ગાંસડીઓ સીધી મિલ્સને વેચવાનું કામ કરતી. એમાં કશેય ટ્રેડર્સને જોડાવાનો અવકાશ નહોતો. મનીષભાઈએ સંસ્થાના પાયાના આ સિદ્ધાંતને સહુને હિતમાં પરિવર્તિત કરાવ્યું. એમણે સરકાર અને સંસ્થાને સમજાવ્યું કે ટ્રેડર્સને રૂ આપવામાં ખેડૂત, મિલ્સ અને સંસ્થા, ત્રણેયનો લાભ છે. સાથે, એના લીધે સંસ્થામાં માલ ભરાવાની સ્થિતિ નિર્માણ નહીં થાય. અશક્ય લાગતું આ કામ, સંસ્થાના સિદ્ધાંતમાં ધરમૂળથી ફેરફાર કરી સમગ્ર ઉદ્યોગને લાભાન્વિત કરવાનું શક્ય થયું મનીષભાઈને કારણે. આજે સંસ્થા, મિલ્સ, ખેડૂત અને ટ્રેડર્સ એકમેકને સાથ આપતા વેપાર કરે છે અને સહુને લાભ થઈ રહ્યો છે.

બીજી તરફ, કોટન એસોસિયેશન ઓફ ઇન્ડિયા એટલે સીએઆઈ આ ઉદ્યોગનું એના વેપારીઓ માટેનું એસોસિયેશન છે. આ એસોસિયેશનમાં મનીષભાઈ ડિરેક્ટર છે. એમના કાર્યકાળમાં એસોસિયેશને વેપારીઓના હિતમાં અનેક કાર્ય કર્યાં છે અને નિર્ણયો પણ લીધા છે. મનીષભાઈ એસોસિયેશનમાં જોડાયા ત્યારે સીઆઈએની એક જ લેબ હતી. એ કામ કરતી કોટનની ગુણવત્તાની ચકાસણીનું. મનીષભાઈએ આ ઉપયોગી સેવાને એવી વિસ્તારી કે આજે એસોસિયેશનની દેશમાં ૧૪ લેબોરેટરીઝ છે. એ તમામ કોટનની ગુણવત્તા ચકાસવાનું કામ નહીં નફો, નહીં નુકસાનના ધોરણે કરે છે, ''આશય એટલો કે ઉદ્યોગની વિશ્વસનીયતા જળવાઈ રહે અને સારું ઉત્પાદન કરતા ઉત્પાદકોને યોગ્ય નામ અને વળતર મળે.''

આજે મનીષભાઈને વેપારમાં એમનો પરિવાર ખભેખભા મિલાવીને સાથ આપે છે. જીવનમાં નીતિમત્તા સાથે આગળ વધનારા મનીષભાઈએ દેશ-દુનિયામાં ખૂબ પ્રવાસ ખેડ્યા છે. જીવનને માણ્યું છે. એનાથી પણ મોટી ખુશી જોકે આ છે, ''જે ખુરશી પર હું બેઠો છું એ મૂળે મારા પપ્પાની છે. મેં એ ક્યારેય બદલી નથી. મને આનંદ એ વાતનો છે કે પપ્પા હતા ત્યારે અમારી કંપનીએ નવાં સીમાચિહ્નો સ્થાપવાની શરૂઆત કરી દીધી હતી. પપ્પાને પોરસ થતો કે જે ઊંચાઈઓ હું આંબી નહીં શક્યો એ મારા દીકરા આંબી રહ્યા છે. એમની એ ખુશી, અભિમાન અમારા માટે દુનિયાના બીજો કોઈ નફા કરતાં વધુ અણમોલ હતાં અને છે.''

એમના બે ભાઈઓ અને બહેન આજે વિદેશમાં સ્થાયી છે. સૌ સુખી છે. મનીષભાઈએ જોકે નવો ચીલો ચાતરવાને બદલે પિતાના વેપારને સંભાળ્યો અને વધુ ગૌરવવંતો બનાવ્યો. તમને પણ વિદેશ જઈને વસવાની ક્યારેય ઇચ્છા થઈ ખરી, એવું પૂછતાં તેઓ કહે છે, ''ના ના... મને તો અહીં જ મોજ છે. પપ્પાનો વારસો આગળ વધાર્યો અને દેશના વિકસતા અર્થતંત્રમાં યોગદાન આપવાની ક્ષમતા મળી છે એ ઓછું છે કાંઈ?''

## વિચારસત્ત્વ

નોંધવા જેવી વાત કે મનીષભાઈ સાથેની લાંબી ચર્ચામાં જે બે-ત્રણ મુદ્દાનું વર્ચસ્વ રહ્યું એ હતા એમની કોટનની દુનિયા અને એમના પિતા. પારિવારિક સંબંધોના સતત અવમૂલ્યનના આ જમાનામાં જ્યારે એક દીકરો આ રીતે પિતાનું સ્મરણ કરે, પોતાના જશનો જશ પિતાએ આપેલી તક, તાલીમ અને શીખને આપે ત્યારે સમજી લેવું કે આ દીકરો ખરેખર અલગ માટીનો છે. મનીષભાઈને આવા અર્થમાં ટિપ્પણી કરતાં તેઓ સ્મિત વેરે છે, ''મારા પપ્પા હતા

જ મજાના માણસ. ૨૦૧૫માં એમનું અવસાન થયું ત્યાં સુધી અમે બાપ-દીકરો મિત્રો જેવા હતા. મને લાગે છે કે એમના માર્ગદર્શન અને સંસ્કાર વિના હું એ મેળવી શક્યો ના હોત જે મેળવી શક્યો છું.''

પિતાની ઘણી સોનેરી સલાહોએ એમના મનનું અને વ્યાવસાયિક વ્યક્તિત્વનું મજબૂત ઘડતર કર્યું. એમાંની એક હતી, ''જો દીકરા, જાત પરનો ભરોસો ક્યારેય ગુમાવતો નહીં. કામ પ્રામાણિકતા સાથે કરજે. એકવાર લક્ષ્ય હાથમાં લે એને પાર પાડવા બધું કરી છૂટજે. અડચણ આવે તો પણ નાસીપાસ નહીં થતો. ફળની ચિંતા ભગવાન પર છોડી દેવાની. નીતિ અને મહેનત સાચી દિશામાં હશે તો એક દિવસ ધાર્યું પરિણામ આવશે જ.''

વેપારમાં કશું કરી ઇચ્છવા થનગનતા સૌના માટે એમની એક વાત મનમાં કોતરી રાખવા જેવી છે, ''સંજોગ ગમે તેવા આવે, સરળ કે પડકારજનક, સિદ્ધાંતો અને સંસ્કારો સાથે બાંધછોડ નહીં કરવી. વેપાર કે અંગત જીવન, એમાં સિદ્ધિઓ અયોગ્ય માર્ગે મળતી નથી અને મળે તો માણી શકાતી નથી. જેઓ નીતિવાન રહ્યા છે એ સુખથી ધનવાન રહ્યા છે. દુનિયાની કોઈ પણ ચીજ કરતાં મનનું સાચું અને નિર્મળ સુખ સૌથી મૂલ્યવાન છે.''

## સેવાવિશ્વ

સેવાનો એક મોરચો એવો છે જેમાં આમ જુઓ તો એમનું યોગદાન ઓછું છે. દેશના સૌથી જૂના અને પ્રતિષ્ઠિત એવા સીએઆઈમાં મનીષભાઈ ત્રણ ટર્મથી ડિરેક્ટર છે. આ ટર્મમાં સંસ્થાની સેલર્સ પેનલમાં તેમનું વિશેષ યોગદાન છે. સામાજિક મોરચાની વાત નીકળતાં તેઓ સાથે કહે છે, ''કામમાંથી ફુરસદ નથી મળતી એટલે ચાહું તો પણ બહુ સોશિયલ રહી શકતો નથી. જ્યાં અને જે શક્ય થાય છે એ કરવાનો પ્રયત્ન કરતો રહું છું.''

જ્ઞાતિની સંસ્થા કેડીઓ ક્લાસિક સાથે તેઓ બે દાયકાથી સંકળાયેલા છે. જ્ઞાતિકાર્યોમાં ઘણીવાર પ્રત્યક્ષ રીતે ભલે ના જોડાઈ શકાય પણ જેઓ સેવા આપતા હોય એમની સાથે મનીષભાઈ પરોક્ષરૂપે કનેક્ટેડ રહે છે. વડાલામાં તેઓ જ્યાં રહે છે એ અત્યાધુનિક સોસાયટીમાં એમણે સહુના સાથ-સહકારથી દેરાસરના નિર્માણનું સપનું સાકાર કરવામાં ફાળો આપ્યો છે, ''સોસાયટીના બે ટાવર્સમાં પાંચસોએક ઘર છે. એમાં કચ્છી જૈનોનાં ૪૩ અને મારવાડી જૈનોનાં ૭૦ ઘર છે. છતાં એકપણ દેરાસર નહોતું. મેં તમામ જૈનોને સક્રિય કર્યા, આપસના વિચારભેદ દૂર કરવામાં મદદ કરી અને સંઘના માધ્યમથી છ મહિનામાં દેરાસરનું નિર્માણ સુનિશ્ચિત કરાવ્યું. આજે અમારું દેરાસર સોસાયટીના મેમ્બર્સ ઉપરાંત આસપાસના જૈનો માટે પણ શ્રદ્ધાસ્થાન બન્યું છે.'' દેરાસરમાં પણ તેઓ ટ્રસ્ટી છે.

## અને પ્રકાશ સમીક્ષા વિશે...

મનીષભાઈ ગુજરાતી વાંચી શકે છે પણ ઓછી ઝડપે. આ બાબત એમને પ્રકાશ સમીક્ષાથી અળગા રાખી શકી નથી. કારણ પિતાએ પાડેલી ભાત છે, ''મેં બાળપણથી ઘરમાં પ્રકાશ સમીક્ષા જોયું છે. પપ્પા કાયમ અને રસપૂર્વક વાંચતા. હું પણ વાંચું છું ભલે વાર લાગે તો લાગે.'' મીનાભાભી પણ પ્રકાશ સમીક્ષા થકી સમાજની ઘટમાળ વિશે અપડેટેડ રહે છે.

બહુ ઓછી એવી જ્ઞાતિઓ હશે જેમના પોતીકા પ્રકાશને આ રીતે અણનમ સદી કરી હોય. મનીષભાઈ ગૌરવ અનુભવતાં કહે છે, ''બીજાં સો વરસ કરશે પ્રકાશ સમીક્ષા. હું ઇચ્છીશ કે આ સામયિક હવે પૂરું ડિજિટલ થાય, એની ઇંગ્લિશ આવૃત્તિ હોય. નવી પેઢી જ્યારે અંગ્રેજી ભાષા તરફ વળી છે, ટેક્નોલોજી જીવનમાં પ્રાધાન્ય ધરાવે છે ત્યારે આ પગલું ઉપયોગી લેખાશે.'' ચોક્કસ, તમારી ઇચ્છા અવશ્ય પૂરી થશે, મનીષભાઈ!

**લવાજમ (સબસ્ક્રીપ્સન) ન મોકલવા વિનંતી**

સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે હાલમાં પ્રકાશ સમીક્ષાનું લવાજમ લેવામાં આવતું નથી તેથી લવાજમ ન મોકલવા વિનમ્ર વિનંતી. **- પ્ર.સ. સમિતી**

આરોગ્ય પ્રકાશ

# પ્રદુષણ અને આપણું આરોગ્ય

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



આપણી આજુબાજુ જે હવા છે તેમાં નાઈટ્રોજન, ઓક્સિજન, કાર્બનડાયોક્સાઈડ વગેરે ગેસ ઉપરાંત બીજા દેખાય એવા કે ન દેખાય એવા કણો પણ હોય છે જે આપણા આરોગ્ય પર ખરાબ અસર કરી શકે છે. એમાં નરી આંખે કે માઈક્રોસ્કોપથી દેખાય તેવા કણોમાં ધૂળ, એસ્બેસટોઝ, ધુમાડા અને બીજી ગંદકીના કણો હોઈ શકે. ન દેખાય એવા કાર્બન મોનોક્સાઈડ, ઓઝોન, નાઈટ્રોજન અને સલ્ફર ડાયોક્સાઈડ હોઈ શકે.

કાર્બન મોનોક્સાઈડ ઝેરી ગેસ છે જે બળતણ અધૂરું બળે ત્યારે ઉત્પન્ન થાય. આ ગેસ શ્વાસમાં જાય તો લોહીમાં રહેલ હિમોગ્લોબીન સાથે જોડાય છે આને લીધે લોહીની ઓક્સિજન ગ્રહણ કરવાની શક્તિ ઓછી થાય અને મગજ સહિત બીજા અંગોને ઓક્સિજન ઓછું મળે તેથી થાક લાગે, માથું દુઃખે, મુંઝવણ, ચક્કર વગેરે તકલીફ થઈ શકે.

ઓઝોન ગેસ ધુમ્મસમાં સૂર્ય પ્રકાશની હાજરીમાં અમુક રીએક્શનને લીધે ઉત્પન્ન થઈ શકે. આ ગેસ શ્વાસમાં જાય તો કફ, ગળામાં બળતરા, છાતીમાં દુઃખાવો, ફેફસાની કાર્યક્ષમતા પર અસર થાય અને ફેફસાનું ઈન્ફેક્શન જલ્દી થવાની શક્યતા વધી જાય.

નાઈટ્રોજન ડાયોક્સાઈડ ગેસ સામાન અહીંથી ત્યાં લઈ જતાં મોટા વાહનમાં વપરાતું બળતણ બળે કે ઉદ્યોગ, કારખાનામાં કોઈ બળતણ બળે ત્યારે ઉત્પન્ન થાય. આ ગેસ શ્વાસમાં જાય તો જેમને અસ્થમા, દમ હોય તેમને જલ્દી ઈન્ફેક્શન થાય, પરાગ રજ, ધૂળ વગેરેથી દમનો અટેક જલ્દી આવે.

સલ્ફર ડાયોક્સાઈડ જ્યારે અવશેષો, બળતણ બળે કે કાચી ધાતુ (Ores) માંથી ધાતુ કાઢવાની પ્રક્રિયામાં આ ગેસ ઉત્પન્ન થાય. આ ગેસ શ્વાસમાં જાય તો નાક, આંખ, ગળું અને ફેફસામાં બળતરા થાય, કફ થાય, શ્વાસોચ્છવાસ છીછરા (ઓછા ઉંડાણવાળા) થાય, બ્રોન્કાઈટીસ થાય.

રંગો દ્રાવણ અને બળતણમાંથી ઉડયનશીલ ગેસ, ઓરગેનીક કમ્પાઉન્ડ છૂટા પડી વાતાવરણમાં ભળે. એ જો શ્વાસમાં જાય તો આંખ, નાક, ગળામાં બળતરા, માથું દુઃખવું, ઉબકા વગેરે થાય ઉપરાંત લીવર, કીડની, મગજ, મજ્જાતંતુઓને નુકશાન થાય. આમાંના અમુક ઓરગેનીક કમ્પાઉન્ડ કેન્સરકારક હોય છે.

પ્રદુષણમાં શીશા (lead)ના કણો હોય અને શ્વાસમાં જાય તો હાઈ બી.પી., કીડનીની બિમારી થઈ શકે, પ્રજોત્પતિમાં અવરોધ થાય, હૃદયરોગનું જોખમ વધે. ખાસ કરીને બાળકો અને સગર્ભા સ્ત્રીઓને વધુ અસર કરે છે.

એસ્બેસટોઝ કુદરતી રીતે બનતા તંતુમય સીલીકેટ ખનિજોનું જૂથ છે જેનો ઉપયોગ છત, ફલોરીંગ, ઈન્સ્યુલેશન જેવી બાંધકામની સામગ્રી તેમજ વાહનોની બ્રેકની લાઈનીંગ અને કલચ જેવા ઘર્ષણ ઉત્પન્ન કરતા સાધનોમાં આ વપરાય છે. આ પદાર્થના સંસર્ગમાં આવવાથી કેન્સર સહિત આરોગ્ય પર ઘણી ગંભીર અસર થાય છે જેવી કે એસ્બેસ્ટોસિસ, ફેફસાનું કેન્સર અને મેસોથેલિઓમા, આથી જ ઘણા દેશોમાં આ પદાર્થ વાપરવો પ્રતિબંધિત છે. અને બાકીના દેશોમાં એને વાપરવા અંગેના કડક નિયમો છે.

હવામાં શરદી, ઉધરસ, કફ કરે તેવા બેક્ટેરીયા, વાયરસ ઉપરાંત ન્યુમોનિયા, ટી.બી. વગેરેના જંતુ હોઈ શકે જે શ્વાસમાં અંદર જતાં જે–તે બિમારી ઉત્પન્ન કરે. આપણી પ્રતિકારશક્તિ ઓછી હોય તો આ બિમારીઓ લાગુ પડે.

હવામાંના પ્રદુષણની સૌથી વધુ અસર આપણા ફેફસા પર પડે છે. પ્રદુષિત રજકણો કે બિમારીના જંતુઓ ટ્રકીઆ બ્રોન્કસ અને ફેફસામાં હવા લઈ જતાં બીજા ફાંટાઓને નુકશાન પહોંચાડે, એમાં સોજા આવે, એ ભાગ સાંકડો થાય, એટલે નિરોગી વ્યક્તિને પણ દમ અને બીજી તકલીફો થાય,

ન્યુમોનિયા, શરદી, ઉધરસ, કફ અને ફેફસાનું કેન્સર પણ થઈ શકે. હવામાં જો કબુતરની ચરકના અંશો હોય અને એ શ્વાસમાં જાય ફેફસાનો ન મટે તેવો 'ઈન્ટરસ્ટીસીઅલ લંગ ડીઝીસ' થઈ શકે, અને દર્દી ખૂબ જ હેરાન પરેશાન થાય.

હવામાંના પ્રદુષણને લીધે નેફ્રોપથી એટલે કે કીડનીને લીધે બિમારી થઈ શકે છે, ખાસ કરીને હવામાં રહેલા કાર્બનના કણોને લીધે. પ્રદુષણ હૃદયને અસર કરે જેમાં હૃદયના ધબકારાનું અસંતુલન થાય, હાઈ બી.પી. થઈ શકે, આપણા શરીરમાં સ્ટ્રેસ હોર્મોન ઉત્પન્ન થાય જેનાથી માનસિક સંતુલન બગડે. ખાસ કરીને વૃદ્ધોને બોલવામાં તકલીફ, સાદા હિસાબ-કિતાબમાં તકલીફ, યાદશક્તિ નબળી પડે શકે, સગર્ભા સ્ત્રીના ગર્ભ પણ અસર કરી શકે. પ્રદુષણ વ્યક્તિની ત્વચાને શુષ્ક બનાવે, તેમાં બળતરા, લાલાશ, ખંજવાળ, ખરજવું જેવી સમસ્યા થઈ શકે. પ્રદુષિત હવામાંના ધુમાડા, અલ્ટ્રાવાયોલેટ કિરણો, એસ્બેસ્ટોઝ, કેટલાક ઝેરી રસાયણો, ઓર્ગેનીક કમ્પાઉન્ડ વગેરેને કારણે કેન્સર થઈ શકે.

મોટા શહેરમાં પ્રદુષણ વધુ જ છે. નાના શહેરો કે ગામડામાં હજુ પરિસ્થિતિ એના કરતાં સારી છે. કારણ વસતિ ઓછી, ઝાડ પુષ્કળ, વાહનોની અવરજવર ઓછી, કારખાના જેવા ઉદ્યોગ ઓછા. પ્રદુષણથી બચવા શહેરના લોકો માસ્કનો ઉપયોગ કરે તો થોડું બચી શકાય, પ્રતિકાર શક્તિ વધારવા જીવનને નિયમિત બનાવીએ, યોગ્ય સમયે વિટામીન, મિનરલ્સથી ભરપૂર પૌષ્ટીક ખોરાક લઈએ, શાકભાજી-ફળોને ખાવામાં વધારીએ, કસરત યોગ, પ્રાણાયામ, કુંભક દ્વારા ફેફસા અને શરીરનું આરોગ્ય ફીટ રાખીએ. સવાર-સાંજ બગીચામાં જઈએ (સૂર્યાસ્ત પછી નહીં). ઘરમાં હવાની પુરતી અવરજવર થાય તેમ બારી બારણા ખુલ્લા રાખો. બની શકે તો રસોડામાં ચીમની અને બાથરૂમ-ટોઈલેટમાં એક્ઝોસ્ટ ફેન રાખો. હવાનું શુદ્ધિકરણ કરે તેવા સ્નેક પ્લાન્ટ, સ્પાઈડર પ્લાન્ટ, મની પ્લાન્ટ જેવા છોડો ઘરની અંદર રાખીએ, આમ જીવનશૈલી નિયમિત કરી ઉપર જણાવેલ ફેરફાર કરી પ્રદુષણથી બચી નિરોગી રહીએ.


## ગૌરંગ બાલુડો પોલડીયા પરિવારના સૌ ભાવિકો તથા નિયાણી બહેનો જોગ

**(ગોએરસમા, રંગપુર, બારોઈ, બાયઠ, લુણી, ડુમરા)**

કચ્છ ધણીયાણી આપણા કુળદેવી જગદંબા મા આશાપુરા માતાજીની પંદરમી સમુહ પહેડીનું આયોજન રવિવાર તા.૨૫.૧.૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે.

**સ્થળ : શ્રી નારાણજી શામજી વાડી, માટુંગા (ઈસ્ટ)**

છ એ છ ગામના પોલડીયા પરિવારોના સર્વે ભાવિકો તથા આપણી નિયાણી બહેનોને સહકુટુંબ પહેડીમાં પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતા અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ. તો આપ સૌને સહકુટુંબ સમયસર પધારવા નમ્ર વિનંતી.

**-: લાભાર્થી પરિવાર :-**

**માતુશ્રી રતનબાઈ વેલજી આણંદજી પોલડીયા પરિવાર**
**બાયઠ-મસ્જીદબંદર**

**અ.સૌ. કલ્પનાબેન કિરણ પોલડીયા-બાયઠ (મુલુંડ)**
**શ્રીમતી રમીલાબેન આણંદજી લોડાયા-રાપરગઢવારી(ઘાટકોપર)**
**શ્રીમતી કામિનીબેન નરેન્દ્ર ઉદેશી-માંડવી (સિંગાપોર)**
**ચિ. વૃષ્ટી વિનલ મનીષ લોડાયા-રાપરગઢવારી (ઘાટકોપર)**
**ચિ. નાયશા પાયલ વિક્રમ ઉદેશી-માંડવી(સિંગાપોર)**

સૌ પ્રથમ સૌ ભાવિકોએ સવારના ૮.૦૦ કલાકે માટુંગા હોલ પાસે પધારવાનું છે. ત્યાંથી વાજતેગાજતે પૂ. માતાજીના સથવારે સંગીતના સુરો સાથે શોભાયાત્રા રૂપે હોલમાં પહોંચશું.

સંગીતકારઃ Dakharoz Entertainment
Milan Jain-Foram Dedhia Gogri & Team.

**-: કાર્યક્રમ :-**

૧) તા. ૨૫.૧.૨૬ના સવારના ૮.૩૦ ક. શ્રી નારાણજી શામજી વાડીના આંગણાથી પૂ. આશાપુરા માતાજીની શોભાયાત્રા શરૂ થશે.
૨) ૯.૦૦ ક. લાભાર્થી પરિવાર પૂ. માતાજીનું ભાવભર્યું સ્વાગત કરશે.
૩) ૯.૧૫ ક. કલાકારોના સુમધુર સંગીતના સથવારે ભક્તિગીતોની શરૂઆત થશે.
૪) ૧૧.૩૦ ક. લાભાર્થી પરિવારોનું બહુમાન થશે.
૫) ૧૧.૪૫ કલાકે જાહેરાતો
૬) બપોરે ૧૨.૦૦ ક. ભક્તિગીતો અને રાસગરબાની રમઝટ.
૭) ૧૨.૩૯ ક. લાભાર્થી પરિવારના સથવારે પૂ. માતાજીને પ્રસાદ તથા થાળ ધરાવવામાં આવશે.
૮) ૧.૦૦ ક. સંગીતના સથવારે ભક્તિગીતો તથા રાસની રમઝટ.
૯) ૧.૪૫ ક. ભાવિકો મહાપ્રસાદ ગ્રહણ કરશે અને સાથે સંગીત-ભક્તિગીતો ચાલુ રહેશે.
૧૦) ૨.૪૫ ક. આભાર દર્શન.
૧૧) ૩.૦૦ ક. કાર્યક્રમની પુર્ણાહુતી.

**લી. ગૌરંગ બાલુડો પોલડીયા પરિવાર સમિતી તથા લાભાર્થી પરિવારના જય માતાજી**

## કચ્છમાં હવાફેર માટેનું ઉત્તમ સ્થળ એટલે 'વડીલ વંદના'-ગુંદાલા




કચ્છ ગાંધીધામથી ૫૦ કિ.મી.ના અંતરે આવેલું ગુંદાલા (તા.મુંદ્રા) ગામે આવેલ 'વડીલ-વંદના' હવાફેર તથા આરામ કરવા માટે શ્રેષ્ઠ સ્થાન છે.

સુંદર, શાંત અને રમણીય વાતાવરણ, આધ્યાત્મિકતાનો અનુભવ, સવારે યોગા સાથે પ્રાર્થના, બપોરે નવકાર જાપ, સાંજે પ્રતિક્રમણ અને રાતના ભક્તિ ભાવના વગેરે શિસ્તપાલન સાથે થાય છે.

આરોગ્ય સેવાની પણ અહીં સારી વ્યવસ્થા છે. ફીઝીયો ટ્રીટમેંટ રૂા. ૫૦/-, એક્યુપ્રેશર, મસાજ, પિચોટી નાભી પરીક્ષણ દરેકના રૂા. ૫૦/- તથા કાંસાની થાળીની શુદ્ધ ઘીથી મસાજ રૂા. ૫૦/- તથા આંખ અને દાંતની પણ ટોટલ સારવાર થાય છે. આ લખનારે એનો સ્વાનુભવ કરેલ છે.

ઉપરની સર્વે ટ્રીટમેન્ટ માટે વડીલ-વંદના પાર્ટ-૧માં પાંચ-દસ-પંદર દિવસ કે મહિના માટે ખાવાપીવા તથા રહેવાના એક દિવસના એક વ્યક્તિના રૂા. ૧૫૦/- પ્રમાણે વ્યવસ્થા રહેશે. (સારવાર ખર્ચ અલગ).

રૂચીકર અને સાત્વિક ભોજન, મિત્રો સાથે મેળાવો, મોટા કપડા ધોઈ આપવાની સગવડ તથા દરેક માળે લીફ્ટની વ્યવસ્થા છે. બાજુમાં જૈન દેરાસર પણ છે.

વધુ વિગત તથા બુકીંગ માટે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ચીમનભાઈ રાંભીયા-૯૩૨૨૨૩૧૭૩૦ નો સંપર્ક કરવો.

**- દિનેશ રતનશી શાહ-મોટી સિંધોડી(મલાડ)**

**મો.: ૯૨૨૧૦૪૭૨૪૬**

---

## પાલીતાણા તીર્થ સ્થાનોએ જાઓ ત્યારે...

પવિત્ર તીર્થધામ પાલીતાણામાં તળેટી રોડના બીજા છેડે આપણાં પૂર્વજ વડીલોએ બાંધેલી શેઠશ્રી નરશી નાથા ધર્મશાળા અને તેના ૨૦૦ મીટરના અંતરે શેઠશ્રી કેશવજી નાયક ધર્મશાળા છે. અહીં બંને ધર્મશાળાઓમાં યાત્રિકોને રહેવા માટે અત્યંત આધુનિક સુવિધા સજ્જ રહેઠાણ છે. સામાન્યજનને પરવડે તેવા ખર્ચે આ સુવિધાઓ ઉપલબ્ધ છે.

શુદ્ધ સ્વાદિષ્ટ આહાર સાથે નવકારશી, બે ટાઈમ ભોજન વ્યવસ્થામાં વિનયી-વિવેકી સ્ટાફ ભોજનશાળામાં ખૂબ પ્રેમથી ભોજન કરાવે છે. શાંત વાતાવરણ છે, પાર્કિંગની ખૂબ સારી વ્યવસ્થા છે, ઉપરાંત આપણને સૌને મીઠો આવકાર આપે તેવા મેનેજર, આસિસ્ટન્ટ છે. સમસ્ત વ્યવસ્થાનું મોનિટરીંગ કરતા ટ્રસ્ટી મહાશયો છે. ઓછા ખર્ચે મોટી સુવિધા ઉપલબ્ધ છે. બાજુમાં બે મકાન છોડીને સ્વ. રાયચંદ હંસરાજ પરિવાર નિર્મિત બાઈ કુંવરબાઈની ધર્મશાળામાં ૨૪ કલાક સાધ્વી મહારાજ સાહેબોની નિશ્રામાં સત્સંગ અને સેવા મળી શકે છે, ત્યાં પણ દર્શન કરીએ જ. વૈયાવચ્ચ કરીએ. વહેલી સવારના વાસક્ષેપ, ચંદન, પૂજા અને આરતી (સવાર-સાંજ) વિગેરે સેવા અર્થે શ્રી ચંદ્રપ્રભુ તેમજ શ્રી ચૌમુખ શ્રી ભગવાન બિરાજે છે.

વેલેમેઈન્ટેઈન્ડ વારાવરણવાળા બ્લોક્સ છે, તો ઈંગ્લીશ ટોઈલેટની પણ વ્યવસ્થા છે. સવા દોઢ કી.મી.ના અંતરે તળેટી છે એટલે ચાલી શકાય તેટલા અંતરે છે. ચાલવાની પણ કસરત થઈ જાય છે અને હા, દાડમની ભેલ, પાઉંભાજી, મસાલા ઢોસાની લારી લલચાવે નહીં, તે માટે તમારી જીભને નિયંત્રણમાં રાખી રાત્રી ભોજનની આસાતનાથી દૂર રહેવું. પીકનીક સ્પૉટને ટક્કર મારે એવા સાઈટસીઈંગ સ્થળો, ગિરિરાજ ઉપર આદિનાથ દાદાના દર્શને જાઓ ત્યારે નિહાળી શકાય તે નફામાં.

**- કુલીનકાંત ચાંપશી લુઢીયા**

**મો.: ૯૮૨૦૦૩૯૪૬૯**

# સોના-ચાંદી-તાંબા-પિત્તલના વધતા ભાવોથી જૈન મંદિરો-સંસ્થાઓ સાવધાન




જૈન મંદિરોમાં પૈસાનો પ્રવાહ વધવાથી એમનાં સંચાલકો ટ્રસ્ટી/અધિકારીઓ સંઘના આગેવાનો એ પૈસાથી સોના-ચાંદીના ઘરેણા, મુર્તિઓ, મુગટ, આંગી વગેરે વિવિધ વસ્તુઓ બનાવતા હોય છે તેમજ ઘણાં શ્રાવકો તેમની આસ્થા અને શ્રદ્ધાના ભાવથી સોના-ચાંદીની વસ્તુઓ ભેટ આપતા હોય છે. આમાં કાંઈ ખોટુ નથી.

ગામડાઓમાં સ્થાનિકે આપણી વસ્તી ઘટતા ચોરી-ચપાટીઓનું પ્રમાણ ઘણું જ વધ્યું છે. ટ્રસ્ટી-અધિકારીઓ બહારગામ રહેતા હોવાથી ગામ પ્રત્યે પુરી હાજરી કે લક્ષ આપી શકતા નથી. યુવા વર્ગ જોડાતો નથી એ દરેક જૈન સમાજની કમનશીબી છે.

ઘણા ગામોમાં મહાજન કે ટ્રસ્ટના તાંબા-પિત્તળના જુના વાસણો જેવા કે મોટી કડાઈઓ, હાંડા, ઘેગો, મોટા ટોપ, કમંડળ, ત્રાંસ, છીબા, જગ, થાળી, વાટકાનો વપરાશ થતો નથી. જેથી બીનજરૂરી વાસણોનો નિકાલ કરી ઘટતુ કરવું જોઈએ, નહીં તો ધીરેધીરે વાસણો આપોઆપ દરવર્ષે ઓછા થતા જશે. કારણ કે તાંબા-પિત્તળના વધતા ભાવને લીધે ચોરીનું પ્રમાણ ખુબ વધી ગયેલ છે.

રોજેરોજ વધતા સોના-ચાંદી-તાંબા-પિત્તળના ભાવથી ચોરોની નજર બગડતી જાય છે. આજની પરિસ્થિતીને જાણતા સવાલ એ થાય છે કે રોજેરોજ એ વસ્તુઓની દેખરેખ કોણ કરશે?

શું ટ્રસ્ટીઓ-અધિકારીઓ-કર્મચારીઓ-પુજારીઓ કે સ્થાનિક મહાજન?

કારણ દર ત્રણ કે પાંચ વરસે બદલાતા ટ્રસ્ટીઓ-અધિકારીઓ અને વારે ઘડીએ બદલાતા કર્મચારીઓ તથા પુજારીઓ સાથેસાથે સ્થાનિક ઘટતી વસ્તી તો, ભરોસો કોના પર કરવો?

હવે દરેક સંઘો-મહાજનો-ટ્રસ્ટો જાગો અને આના ઉપર ખુલ્લા મને ચર્ચા કરી એનો નિવેડો લાવો.

હાલમાં મીડીયામાં તથા ન્યુઝપેપરોમાં જૈન મંદિરોમાં સોના-ચાંદીના ચોરીના બનાવો તેમજ જૈન સંસ્થાઓમાં તાંબા-પિત્તળના વાસણોની ચોરીના સમાચારો રોજેરોજ આવતા હોય છે. આ બનાવોથી આપણે જો જાગૃત નહીં થઈએ તો એક દિવસ પસ્તાવાનો વારો આવશે.

**- રાયચંદ દેવશી જીવાણી-જખૌ(ડોંબિવલી)**

**મો.: ૮૭૭૯૮૭૫૧૦૯**

---

## શુભઘડી તા ૧૦-૧૧-૨૦૨૫

વારાપધર નગરે પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવે
ઢોલનગારા વાગ્યા ને વાગી વળી શરણાઇ
આદિનાથદાદાના આંગણે આવી ગઇ એ શુભઘડી
જેની હતી સૌને તાલાવેલી.
ગુરુભગવંતો સંગ માનવ મહેરામણના હૃદયે
ખુશહાલી રહી છાઇ
મોરલા ટહુક્યા ને આભે સોનેરી કિરણો પથરાયા
મહાજનશ્રીના પદાધિકારીઓની મહેનત છે રંગ લાવી
સૌ દાતા પરિવારોએ કરી છે લક્ષ્મીની સદુપયોગાઇ
સૌના હૈયે વહી રહી છે આનંદની લહેરાઇ.
વારાપધર તિર્થનો મહિમા છે અપરંપાર
જ્યાં ક્ષેત્રપાળદાદા ને વારાપીરનો છાંયડો બેસુમાર
કાર્યકર્તાઓએ કરી છે સેવા અપાર
નિંયાણી બહેનોના આનંદની સિમાનો નથી કોઈ પાર
હુબલી કર્ણાટકથી ''શાંતિ'' સૌને કરે નમસ્કાર
જેણે તન-મન-ધનથી સેવાનો લિધો લ્હાવો અપાર
બોલો સૌ સાથે મળીને
દાદા શ્રી આદિનાથ ભગવાનનો જયજયકાર.

**- શાંતિલાલ રામજી લાલકા, હુબલી.**

**મો. : ૯૨૪૨૨૨૦૮૦૩**

સ્મૃતિ વિશેષ

# આપણી જ્ઞાતિ ઈતિહાસનો કરૂણ અધ્યાય : ૧૯૪૪નો ગોદી ધડાકો-૧

સં. રમેશ મુલજી લોડાયા - ભરૂડીયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭



મુંબઈએ છેલ્લા ૨૦૦ વર્ષમાં અનેક આઘાતો સહન કર્યા છે- ૧૮૭૪ના પારસી હુલ્લડ, ૧૮૮૨નું સાયક્લોન, ૧૮૯૩ના હિંદુ-મુસ્લિમ દંગા, ૧૮૯૬-૯૭ મરકીનો ભયંકર રોગચાળો, ૧૯૧૮ ઈન્ફલુએન્ઝા નામે જીવલેણ તાવનો ઉપદ્રવ, ૧૯૪૨ના ભારત છોડો આંદોલન દરમિયાનનું દમન, ૧૯૪૪નો વીકટોરીયા ગોદીનો ધડાકો. ૧૯૪૭ના વિભાજન બાદના દંગા, ૧૯૮૨ની લાંબી મીલ હડતાળ, ૧૯૯૨-૯૩ના રમખાણો, ૨૦૦૫નું પૂર, ૨૦૦૬ના ટ્રેન વિસ્ફોટ, ૨૦૦૮માં ૨૬/૧૧નો હુમલો અને ૨૦૨૦માં કોવિડ રોગચાળો વગેરે.

આ બધામાં સૌથી ભયાનક ઘટના રહી ૧૪મી એપ્રીલ ૧૯૪૪, શુકવારના વિકટોરીયા ગોદીમાં થયેલ ભયાનક વિસ્ફોટ અને આગ જેમાં થોડી વારમાં ૮૦૦ થી ૧૩૦૦ (જો કે, સત્તાવાર સાચો આંકડો ક્યારેય મળી ન શકયો) લોકો મૃત્યુના મુખમાં ધકેલાઈ ગયા. ૩૦૦૦થી વધુ ઘવાયા. ૮૦,૦૦૦થી વધુ લોકો ઘરબાર વિનાના થઇ ગયા. અનેક જહાજો સંપૂર્ણ નષ્ટ થયા તેમજ મુંબઈને અંદાજે રૂા. ૩૫૦૦ કરોડનું આર્થિક નુકશાન થયું. આ દુર્ઘટના ફક્ત બોમ્બે માટે જ નહીં, પણ સમગ્ર બ્રિટિશ સામ્રાજ્ય માટે એક મોટો આઘાત બની.

સંયુક્ત કુટુંબને તેમજ નજીકમાં વસવાટ કરવાનું પસંદ કરનારી આપણી જ્ઞાતિનો મુંબઈનો વસવાટ દાણા બંદર, ભાત બજાર, ચીચ બંદર, ખારેક બજાર, કાઝી સૈયદ અને સેમ્યુઅલ સ્ટ્રીટ વિસ્તારમાં હતો. આ વિસ્તારો ધડાકાના સ્થાનથી ખૂબ નજીક હોવાથી વિસ્ફોટથી આપણી જ્ઞાતિને ખૂબ જ નૂકશાન થયું. જોત જોતામાં આપણાં ઘણા પરિવારો ઘરબાર વગરના બની ગયા. પોતાની તમામ સંપત્તિ છોડી પહેરેલ કપડે ભાગવું પડ્યું. વરસોની કમાણી નજર સમક્ષ નાશ પામી. ગઈ કાલ સુધી સંપત્તિમાં રાચનારાઓને ક્યાં ખબર હતી કે કાલે ફૂટપાથ પર સુવું પડશે? આપણી જ્ઞાતિના ઈતિહાસમાં આ ઘટના સૌથી દારૂણ પાનાંમાંની એક બની.

સમય જતાં એ ઘટના નજરે જોનારાઓ હવે જુજ રહ્યા છે તેથી આ ઘટના ભુલાઈ ગઈ છે. પરંતુ આપણી જ્ઞાતિના જનજીવનને અસ્તવ્યસ્ત કરનાર એ ઘટનાને કેમ વિસરી શકાય? અખબારો અને સામાયિકોમાં છપાયેલા લેખો, જ્ઞાતિ મુખપત્ર ‘પ્રકાશ’ના લેખો, પ્રકાશિત અહેવાલો તેમજ વડીલો પાસેથી સાંભળેલી વાતો પરથી સંકલન કરી આપ સમક્ષ રજૂ કરૂં છું.

આપણી જ્ઞાતિના જનજીવનની વાત કરતા પહેલા આપણે એ સમયની મુંબઈની સ્થિતિ, હોનારત સર્જાઈ તે ‘ફોર્ટ સ્ટાઈકિન’ જહાજનો ઈતિહાસ, તેની આખરી સફર અને મુંબઈમાં સર્જાયેલ હોનારતની વિગતો જાણીએ.

બીજા વિશ્વયુદ્ધમાં જાપાન અમેરિકા અને બ્રિટન સામે યુધ્ધમાં ઉતર્યું હતું. જાપાને એક પછી એક થાઈલેંડ, સીંગાપોર, મલેશિયા જેવા દેશો પર પોતાનો કબજો જમાવી દીધો હતો અને હવે બર્મા સામે યુદ્ધમાં આગળ વધ્યું હતું. ભારતમાં કલકત્તા અને મુંબઈ શહેર પર ભય વધી રહ્યો હતો. બ્રિટિશ સામ્રાજ્યને મોટો પડકાર હતો. જાપાનની આગેકૂચને ખાળવા બ્રિટિશ સરકાર દ્વારા શસ્ત્રો તથા દારૂગોળો ઈંગ્લેંડથી, મુંબઈ, કલકત્તા અને કરાચી જેવા બંદરો દ્વારા મોરચા પર સતત હથિયાર, વિસ્ફોટકો, અને સૈનિક સામગ્રી મોકલવામાં આવતી. ખાસ કરીને મુંબઈ તે સમયનું સૌથી મોટું વાણિજ્ય તથા સૈનિક પુરવઠાનું કેન્દ્ર હતું.

એ વખતે મુંબઈની વસ્તી ૨૦ લાખની અને મુખ્યત્વે દક્ષિણ મુંબઈથી દાદર-માટુંગા સુધી હતી. થોડીક વસ્તી

છૂટી છવાઈ પરામાં હતી. એક બાજુ આઝાદીની લડત, બીજી બાજુ વિશ્વયુદ્ધનો ભય. મુંબઈ ભયના ઓથાર હેઠળ જીવી રહ્યું હતું. શહેરમાં બ્લેક આઉટ જારી કરવામાં આવેલ, બારીઓના કાચને કાળા કાગળ લગાડવાનો તેમજ ઘરની બતીનો પ્રકાશ ઓછો રાખવાનો આદેશ હતો. હવાઈ હુમલાની સાયરન વગાડી હુમલા વખતની સાવચેતીની પ્રેક્ટિસ કરાવવામાં આવતી હતી. ઠેરઠેર રોડ પર રેતીની ગુણોની થપ્પીઓ લગાડવામાં આવેલી જેથી હવાઈ હુમલો થાય ત્યારે તેની પાછળ બેસી જવાથી બોમ્બની કરચો ન વાગે. ચારેબાજુ ભયનું વાતાવરણ.

આવા જ સંજોગોમાં, ફેબ્રુઆરી ૧૯૪૪માં, 'ફોર્ટ સ્ટિકાઈન' નામનું બ્રિટિશ સરકારની માલિકીનું જહાજ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન મિત્ર રાષ્ટ્રોને યુદ્ધસામગ્રી પહોંચાડવા માટે મુંબઈમાં તહેનાત કરવામાં આવ્યું હતું.

(ક્રમશઃ)

## પ્રથમ પ્રયાસે CA માં ઉતીર્ણ



### ચિ. CA પુજન પુર્વી દિપક લાલકા

અથાગ પરિશ્રમ, પ્રચંડ મનોબળથી અને આદેશ્વર દાદા, કુળદેવી સચ્ચા માં સાથે દેવ ગુરૂની અસીમ કૃપા, વડીલોના આર્શીવાદથી ચિ.પુજન CA માં પ્રથમ પ્રયાસે ઉતીર્ણ થયેલ છે.

દાદા-દાદી : કંચનબેન રાયચંદ ધારશી લાલકા
નાના-નાની : કાંતાબેન મણીકાંત મુલચંદ દંડ
મમ્મી-પપ્પા : પુર્વી દિપક રાયચંદ લાલકા
મોટા મમ્મી-પપ્પા : નયના કીશોર રાયચંદ લાલકા
રીના રાજેશ રાયચંદ લાલકા
સ્વ.અનીલ રાયચંદ લાલકા
બહેન : શ્રધ્ધા કીશોર રાયચંદ લાલકા
ફોરમ રાજેશ રાયચંદ લાલકા
ભાવી જમાઈ : ગૌતમ ઉતીન જવેરીલાલ લોડાયા
મામા-મામી : ભવ્યા ખીલીન મણીકાંત દંડ
અમીષા જીતેશ કાંતીલાલ મોતા
રેયાંશ ખીલીન મણીકાંત દંડ, કેયાંશ જીતેશ કાંતીલાલ મોતા

## ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

**તા. ૦૯.૧૧.૨૦૨૫ :** સમસ્ત ક.દ.ઓ. છેડા કુળના કુળદેવી અંબા માતાજીની સમુહ પહેડીઃ તા. ૦૯.૧૧.૨૦૨૫, સવારે ૯.૧૫ ક.થી મુલુંડ.

**તા. ૧૬ થી ૨૭ નવેમ્બર ૨૦૨૫ :** શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નાસિક : શ્રી સીમંધરસ્વામી નુતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ, નાસિક.

**તા. ૨૦/૧૧/૨૦૨૫ - ૨૧/૧૧/૨૦૨૫ :** કચ્છની મોટી પંચતીર્થી ના પ્રવેશદ્વાર શ્રી સાંધાણ તીર્થે જિનાલયની ૧૭૩મી વર્ષગાંઠ નિમિત્તે તા. ૨૦ ના અઢાર અભિષેક તથા તા. ૨૧ ના ધ્વજારોહણ.

**તા. ૨૨.૧૧.૨૦૨૫ :** નલિયાના ખોના કુળ ગોત્રના શ્રીજીપીર બાપાના સ્થાનકે સમુહ પહેડી પ્રસાદઃ ખોના ફલિયા, નલિયા : સવારના ચડતે પહોરે.

**તા. ૨૯.૧૧.૨૦૨૫ :** શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી, સાંસ્કૃતિક કાર્યક્રમ.

**તા. ૦૭.૧૨.૨૦૨૫ :** શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી, ટ્રેડ ફેર, ટ્રેઝરહન્ટ, મનોરંજન સહ ફુડ સ્ટોલ.

**તા. ૧૩.૧૨.૨૫-૧૪.૧૨.૨૦૨૫ :** શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી, સિનીયર સીટીઝન પીકનીક

**તા. ૨૮.૧૨.૨૦૨૫ :** શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી, વન ડે પીકનીક.

'શુભ પ્રસંગો રહેશે રંગ-ઉજવો જ્યોતિ સંગ'

જ્યોતિ
Sarees Since 1976
Matunga (E)

Gharchola-Bandhni-Patola
Sarees-ChaniaCholi-Borders

Behind Arora Theatre, Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree (SUNDAY CLOSED)

# બે અ-મૃત કાવ્યો



**दो आत्माओं ने महक कर तबाही यूं मचाई.**
**गुलिस्तां तक अहसास-ए-कमतरी का शिकार हो गया!**

૩૦ ઓક્ટોબરે પંજાબની પ્રસિદ્ધ કવયિત્રી અમૃતા પ્રિતમનો જન્મદિવસ હતો. તેમના જીવનમાં બે મુખ્ય પાત્રો હતા, જેમની આસપાસ તેમની જિંદગી અને કવિતાઓ વણાઈ હતી. એક તો ગીતકાર સાહિર લુધિયાનવી, જેમના માટે અમૃતાનો એકતરફી પ્રેમ હતો, અને બીજાં, તેમના partner ચિત્રકાર ઈમરોઝ.

અમૃતાજી વિશે કોઈ ઉપરી અને છિછરો અભિપ્રાય બાંધી લેતા પહેલા, તેમના ઈન્ટરવ્યુ એક વાર જોઈ લેજો. એક ઊંડી, શાંત નદી વહેતી દેખાશે જેમાં આપણા બધા જજમેન્ટો વહી જશે. પણ જ્યારે અમૃતાની વાત આવે, ત્યારે મને ઈમરોઝ વધારે સ્પર્શી જાય છે.

કવિ અને ચિત્રકાર – બંને ખૂબ જ સંવેદનશીલ જીવ હોય! આવા કેટલાક સંવેદનશીલ વ્યક્તિઓના જીવન-કવને મને માનવ, સ્ત્રી,પુરુષ અને પ્રેમની વ્યાખ્યાને નવી રીતે સમજાવી. અમૃતા અને ઈમરોઝ એ બંને એ જ શ્રેણીમાં આવે છે.

અમૃતા અને ઈમરોઝ વિશે વાંચતાં મને પ્રેમના બે રૂપો દેખાયા – એક, અમૃતાનો સાહિર માટેનો દિવાનગી ભરેલો એકતરફી પ્રેમ, જેના કારણે એમની અનેક કવિતાઓ જન્મી અને બીજો ઈમરોઝનો આત્મિક પ્રેમ, જેમને ખબર હતી કે અમૃતા સાહિર માટે દિવાની હતી, છતાંય શાંતિથી પ્રેમ કરતા રહ્યા, એ પણ વગર કોઈ શારીરિક ચાહના માંગે !!

પ્રેમ એ એવી સુગંધ છે જેના પગમાં કોઈ સાંકળ બાંધી શકાય નહીં, એ સંબંધના બંધનથી પણ પર હોય શકે. જ્યારે વાસના તેનાથી બરાબર વિપરીત છે.

અમૃતા જેવી બુદ્ધિજીવી, ઊંડા વિચારોવાળી અને આત્માની ઊંડાઈમાં જીવતી સ્ત્રી સાથે રહેવું, તેના પ્રેમની ઊંડાઈ સંભાળવી કોઈપણ પુરુષ માટે સહેલું નથી. (માત્ર એ પુરુષ, જેના વિચારો અને આત્મામાં ઊંડાણ છે, તે જ તેમના હૃદયને સ્પર્શી શકે!) સાહિર જેવા ઉચ્ચ માનસિક અને આધ્યાત્મિક સ્તરના પુરુષ પણ એ ન કરી શક્યા, તો સામાન્ય પુરુષ તો કલ્પનામાં પણ ન કરી શકે.

પણ ઈમરોઝે એ કરી બતાવ્યું!!

શાંતિથી પોતાનો પ્રેમ અમૃતાની તરફ અમૃતની જેમ વહાવે રાખ્યો,જાણતાં હોવા છતાં કે કદાચ બદલામાં કંઈ ન મળે! તેમણે અમૃતાને અમૃતા રહેવામાં પોતાનો નિઃશબ્દ ફાળો આપ્યો.

પ્રેમમાં સૌપ્રથમ જે GO થાય છે, તે છે EGO – અને ઈમરોઝે એ સાબિત કર્યું! પુરુષ માટે આ કેટલું કઠિન હશે, પરંતુ તેમણે એને સહેલું અને સહજ બનાવી બતાવ્યું.

રસપ્રદ વાત એ છે કે અમૃતા અને ઈમરોઝ – બંનેનો પ્રેમ એકતરફી હતો. એકનો સાહિર તરફ, અને બીજાનો અમૃતા તરફ! પણ ક્યાંય દુઃખ દેખાતું નથી..ઉપરી રીતે તો નથી દેખાતું ! બંને આ વાતમાં ખુશ હતા કે તેઓ કોઈને એટલી ઊંડાઈથી પ્રેમ કરે છે!

૪૦ વર્ષ સુધી બંને એક જ છત હેઠળ રહ્યા, પણ અલગ અલગ ઓરડામાં! (આ એક વાક્ય જ ઘણું બધું કહી જાય છે!) તો શું ઈમરોઝના પુરુષત્વમાં કોઈ ખામી હતી?

જવાબ – ના ના અને ના!!!

જ્યારે પોતાની સામે પોતાનો અથાહ સાગર હોય, અને એ સાગરમાં સમાઈ જવાની આતુરતા ધરાવતી નદી પોતાની તરસ જ સ્વયં પી જાય, એ માટે કેટલી તાકાત જોઈએ! (અને પુરુષત્વ ફક્ત શરીરથી જોડાયેલી બાબત નથી!) કઈ રીતે બે યોગી આત્માઓએ પ્રેમને શારીરિક આકર્ષણના સ્તર પરથી ઊંચકીને દિવ્યતાના બ્રહ્માંડમાં સ્થાપિત કર્યો !

ઈમરોઝ ૧૦ વર્ષ નાના હતાં અમૃતા કરતા. જ્યારે ઈમરોઝે પહેલી વાર પોતાના પ્રેમનો ઈઝહાર કર્યો, ત્યારે અમૃતાને લાગ્યું કે ઈમરોઝને ફક્ત થોડા સમયનું આકર્ષણ છે, ઉતરી જશે! એમણે કહ્યું – જાઓ પહેલાં દુનિયા જોઈ આવો અને જો ત્યાર પછી પણ મન થાય, તો પાછા આવજો!

ઈમરોઝે એ સાંભળી અમૃતાના આસપાસ ૭ ચક્કર લગાવ્યા અને કહ્યું – લ્યો, ફરી આવ્યો હવે તું જ મારી દુનિયા!

પ્રેમના શરૂઆતના દિવસોમાં આ બધું કહેવું-સાંભળવું મીઠું લાગે, પણ એ જ ભાવ ને ૪૦ વર્ષ સુધી જાળવી રાખવો એ તો અદ્‌ભૂત છે! આને જ કહેવાય ઈમાનદારી અને પ્રતિબદ્ધતા!

જ્યારે એકવાર ઇમરોઝને પૂછાયું કે સાહિર અને પોતાની સાથેના અમૃતાના જીવનમાં શું ફરક હતો? ત્યારે એમણે કહ્યું, મને ખબર હતી કે અમૃતાને સાહિરની બહુ ચિંતા અને પ્રેમ હતો અને છે, પણ મને એ પણ ખબર છે કે મને તેમની કેટલી ચિંતા અને પ્રેમ છે!

કેવો અથાહ નિઃસ્વાર્થ પ્રેમ!!!

**– લીના હિરેન શાહ(લોડાયા)-વરાડીયા (વડોદરા)**

**મો.: ૯૮૬૭૭૫૪૯૨૮.**

## સદ્‌ભાગ્ય

જાતને ખોળી શકો સદ્‌ભાગ્ય છે,
તારને જોડી શકો સદ્‌ભાગ્ય છે.

સાવ સહેલું તો નથી કે છૂટશો,
કેદને તોડી શકો સદ્‌ભાગ્ય છે.

એક ખોયો તારલો જો આંખથી,
આભમાં શોધી શકો સદ્‌ભાગ્ય છે.

ખૂબ અંધારા ઊભેલાં ચોતરફ,
જાતને ખોળી શકો સદ્‌ભાગ્ય છે.

હોઠથી છલકી રહી છે રાગિણી,
સૂરને શોધી શકો સદ્‌ભાગ્ય છે.

**– પ્રફૂલ જોષી**



# વતનના વર્તમાન

## સંકલન : કેસરસિંહ ખોના

### બિદડા હોલિસ્ટીક હેલ્થ ઈન્સ્ટીટ્યૂટ

વતનમાં પ્રાકૃતિક ચિકીત્સાનું શિક્ષણ ટૂંકમાં જ પ્રભવ હોલિસ્ટીક હેલ્થ ઈન્સ્ટીટ્યૂટમાં શરૂ થશે. કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્ન આ સંસ્થા યોગ, નેચરોપેથી અને આયુર્વેદિક ચિકિત્સા માટે તાલિમ આપશે. એવો અંદાજ છે કે આગામી આઠથી દસ વરસમાં દેશમાં વેલનેસ માર્કેટ રૂા. ૯૫૦૦૦ કરોડને આંબી જશે.

પ્રભવ ઈન્સ્ટીટ્યૂટ ત્રણ વર્ષનો ડિપ્લોમા કોર્સ શરૂ કરનાર છે. જેમાં ૯૦ વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે. ગુજરાત રાજ્યની આ સર્વપ્રથમ વેલનેસ ઈન્સ્ટીટ્યુટમાં કોર્સ કરનાર વિદ્યાર્થી વાર્ષિક અઢીથી આઠ લાખ રૂપિયા જેવો પગાર મેળવી શકશે. આરોગ્ય ક્ષેત્રે આ પ્રકારની અનેક સેવાઓ ઉપલબ્ધ રહેશે. વેલનેસ ઉદ્યમમાં વાર્ષિક ૧૫ ટકાની વૃદ્ધિ શક્ય છે.

### ભુજ મુંબઈ ફલાઈટ

એર ઈંડિયાએ ભુજ મુંબઈ ફલાઈટ સર્વિસ ચાલુ કરી છે એને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. હાલમાં શરૂ થયેલી આ સેવા મુંબઈથી બપોરે ૧.૫૦ કલાકે ઉપડી એજ દિને બપોરે ૩.૨૦ ભુજ પહોંચશે. વળતી ફલાઈટ ભુજથી અપરાહ્નને ૪ વાગ્યે ઉપડી સાંજે ૫.૨૫ કલાકે મુંબઈ પહોંચશે.

### અંજાર માતંગ ડેલીમાં પ્રાચીન ચોપડા પૂજન

અંજારની માતંગ ડેલીના ગણેશ મંદિરમાં લગભગ ૧૫૦ થી ૨૦૦ વર્ષ જૂના એવા મહેશ પંથના પુસ્તકો, ચોપડા સચવાયેલા છે જેનું દિવાળીએ પૂજન કરવામાં આવ્યું હતું. જૂની ગુજરાતી અને ગુરુમુખીમાં આ પુસ્તકો અને ચોપડામાં માતંગ દેવ સ્થાપિત બારમતી પંથ અને મહેશ પંથની બાબતો સંગ્રહિત છે.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## ‘પખાવાજ’ બુકની વિમોચન વિધિ કરાઇ



શ્રી કચ્છી દશા ઓશવાળ નાતનું નઝરાણું એટલે ‘‘પખાવાજ’’ આજે પણ પ્રખ્યાત છે. આ પખાવાજ ગાયકીને જીવંત રાખવા પ્રબોધ મુનવર દ્વારા સંગ્રહ કરવામાં આવેલ પખાવાજ સ્તવનોની બુકની વિમોચનવિધિ પ.પૂ. ઉપાધ્યાય શ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા., પ.પૂ.પ્રવર્તક શ્રી મલયસાગરજી મ.સા., તથા પ.પૂ. મુનિરાજ શ્રી રત્નાકરસાગરજી મ.સા.ની શુભપાવન નિશ્રામાં યોજાઇ.

અખિલ ભારત અચલગચ્છ (વિધીપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘ પ્રમુખ શ્રી ભાવેશભાઇ વોરા, ઉપપ્રમુખ શ્રી ચીમનભાઇ મોતા, મનીષભાઇ બી. લોડાયા, અરવિંદભાઇ વોરા, સોમચંદભાઇ લોડાયા, પ્રવિણભાઇ લોડાયા, નલીનભાઇ અજાણી, પ્રિતિબેન મોમાયા, મણીલાલ આર. શાહ, પ્રતાપ ધરમશી, ગોવિંદજી પટેલ, ભરત લોડાયા, પ્રભાતસિંહ જાડેજા, રાહુલ મહેતાની ઉપસ્થિતીમાં હસમુખ વોરાના વરદ્ હસ્તે આ બુકની વિમોચન વિધી કરવામાં આવેલ.

આ પ્રસંગે પખાવાજ ગાયક સ્વ. હીરાલાલભાઇ જીવાણીની ૯૦ વર્ષની ઉંમરે ગાયકીને બિરદાવવામાં આવેલ. ૮૫ વર્ષની ઉંમરે દાંડીયારાસ તથા ચામરનૃત્યમાં મોખરે દામજીભાઇ મૈશેરી તથા ૭૨ વર્ષની ઉંમરે પખાવાજ અને ગહુંલીઓ ગાવાનાં શોખીન કલ્યાણજીભાઇ ડાઘાની અનુમોદના કરવામાં આવેલ. પખાવાજ સ્તવનોને જાગૃત રાખનાર અબડાસા, મુંબઇ, દેશાવરનાં સર્વે ગાયકોની પ્રશંસા કરવામાં આવેલ.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ, ડોંબિવલી





સંઘના સૌજન્યથી પ.પૂ. મુ.ભ. શ્રી તીર્થરત્નસાગરજી મહારાજ સાહેબ, પ.પૂ. મુ.ભ. શ્રી ધર્મશેખરસાગરજી મહારાજ સાહેબ તથા પ.પૂ. મુ.ભ. શ્રી માર્ગનિધાનસાગરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં, તા. ૧૯.૧૦.૨૦૨૫ના શ્રી મહાકાળી માતાજીનું મહાપૂજન ભાવભક્તિપૂર્વક સંપન્ન થયું. કેડીઓ જ્ઞાતિના વડીલો તથા પરિપત્ર વિતરકોને પૂજનમાં બેસવાનો વિશેષ લાભ અપાયો.

આ પૂજનમાં આશરે ૫૦૦ જેટલા ભાવિકો જેમાંથી ૨૦૦થી વધુ જેટલા કેડીઓ જ્ઞાતિના સભ્યો શ્રદ્ધા, ભાવ , ભક્તિ અને સમર્પણભાવ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

પૂજનની સાથે સાથે શ્રી વિજય યંત્રનું પૂજન તથા હવન પણ વિધિવત રીતે સંપન્ન થયું હતું. આ પાવન પ્રસંગે પ.પૂ. મુ.ભ. શ્રી ધર્મશેખરસાગરજી મહારાજ સાહેબ અને શ્રી ડોંબિવલી અચલગચ્છ સંઘના પ્રમુખ શ્રી કુલીનભાઈ પીર પ્રેરણાસ્રોત રહ્યા હતા.

મંડળ તરફથી આ પૂજનને સફળ બનાવવા માટે પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ, ચેતનભાઈ, અમિતભાઈ, વિપુલભાઈ, મનીષભાઈ, પરેશભાઈ, ભાવનાબેન,

અર્ચનાબેન, પ્રિયાબેન, જિજ્ઞાબેન, મંડળના સભ્યો તથા તમામ સહયોગીઓનો પ્રયાસ રહ્યો હતો.

### હૈદરગુડ ખાતે દિપાવલી સ્નેહમિલન





હૈદરગુડ ખાતે પ્રાણીમિત્ર રમેશ જાગીરદાર ફાઉન્ડેશન આયોજીત દિપાવલી સ્નેહમિલનમાં ઉપસ્થિત જયા રમેશ જાગીરદાર, કલ્પના કાંતિલાલ શાહ, મધુ વિજય જાગીરદાર, ગીતા હંસકુમાર, મીનાક્ષી રાકેશ, યક્ષા મનીષ, ધારીણી પારસ, તોરલ રિદ્ધિશ, વ્યોમા સિદ્ધાર્થ.

### શ્રી છત્તીસગઢ કદઓ જૈન યુવા મંડળ





મંડળ દ્વારા શ્રી શરદપૂનમ ઉત્સવ હર્ષોલ્લાસ સાથે મનાવવામાં આવેલ. રાયપુર મહાજન દ્વારા સામુહિક શ્રી મહાકાલી માતાજીની ભાવનાના આયોજનમાં દાંડિયા રાસ-ગરબાના સાથે બેસ્ટ ડ્રેસઅપ પ્રતિયોગીતાનું આયોજન કરવામાં આવેલ જેના વિજેતા આ પ્રમાણે છે. બાલિકા વર્ગ ૦ થી ૪ વર્ષ : કાર્થી ધવલ લોડાયા, માહી દીપાંશુ નાગડા. ૫ થી ૯ વર્ષ : આદિ અમિત મૈશેરી, સૌમ્યા દીપાંશુ નાગડા, ૧૦ થી ૨૦ વર્ષ : દિશા ચેતન છેડા, તાંશી અમિત મૈશેરી, ભવ્ય સુમિત મોમાયા. ૨૦ થી ૩૫ વર્ષ : સૌ. સોમા રિતેશ મૈશેરી, સૌ. રોશની દીપાંશુ નાગડા, ૩૫ થી ઉપર વર્ષ : સૌ. સુનયના અમિત મૈશેરી, સૌ. રશ્મિ સુમિત મોમાયા.

પુરૂષ વર્ગમાં : શ્રી દીપાંશુ ઉમેશ નાગડા, શ્રી ઉદિત સંતોષ ધરમશી.

### શ્રી છત્તીસગઢ કદઓ જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર

મહાજન દ્વારા શ્રી કુંથુનાથ જિનાલય (અચલગચ્છ-વિધિપક્ષ)માં નૂતન વર્ષ તા. ૨૧.૧૦.૨૦૨૫ના સવારે ૫.૩૨ કલાકે જિનાલયનું દ્વારોદ્ઘાટન સકલ સંઘ સાથે કરવામાં આવેલ, ત્યારબાદ શ્રી ગૌતમસ્વામીજીનું રાંસવાંચન કરવામાં આવેલ. લાભ પાંચમ તા. ૨૫.૧૦.૨૦૨૫ના શ્રી જ્ઞાનની સ્થાપના કરવામાં આવેલ. શ્રી જ્ઞાનપૂજામાં મળેલ કોપી(નોટબુક) અને પેનનું નિઃશુલ્ક વિતરણ જરૂરતમંદ વિદ્યાર્થીઓને કરવામાં આવ્યું.

### ભાઈભાઈ દાબેલી, ઝોમેટો એવોર્ડ વિજેતા

ભાઈ-ભાઈ દાબેલીને વર્ષ ૨૦૨૫નો ઝોમેટો બેસ્ટ દાબેલી રેસ્ટોરંટ એવોર્ડ પ્રાપ્ત થયો છે. પાણી ગેટ વડોદરા વિસ્તારમાં દાબેલીની એસી રેસ્ટોરંટ પ્રસિદ્ધ છે. ભાઈ-ભાઈ દાબેલીની ૫૦ વેરાયટી સર્વ કરતા આ પ્રતિષ્ઠાનના સ્થાપક સંચાલકને બેસ્ટ દાબેલીનો ૨૦૧૩, ૨૦૧૪ એવોર્ડ, ૨૦૨૩ રોટરી એવોર્ડ અને હવે ૨૦૨૪-૨૫નો ઝોમેટો એવોર્ડ હાંસલ થયો છે વડોદરાના લગભગ પ્રત્યેક મહત્ત્વના કેન્દ્રોમાં દાબેલી ઉપલબ્ધ છે.

### કાયરા લોડાયા બેસ્ટ સ્વીમર

તેરાની વડોદરા નિવાસી નેહા-દીપેનભાઈ વર્ધમાન લોડાયાની દિકરી કાયરાએ વિબ્ગયોર સ્કુલ જૂથ આયોજિત વડોદરાના ઈન્ટર સ્કૂલ અન્ડર ટેન તરણ સ્પર્ધામાં બેસ્ટ સ્વીમર, બે ગોલ્ડ અને બે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા છે.



# વતનના વર્તમાન

**સંકલન : કેસરસિંહ ખોના**

### કદઓ કચ્છ એકમ સરસ્વતી સન્માન

કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિના કચ્છ એકમ દ્વારા જ્ઞાતિ વિદ્યાર્થીઓનો સરસ્વતી સન્માન ભુજ ખાતે યોજવામાં આવ્યો હતો. આ અવસરે કચ્છ એકમના પ્રમુખ મહેશભાઈ લાલકા, ઉપપ્રમુખ અરવિંદભાઈ લોડાયા, મંત્રી લહેરચંદભાઈ ખોના, વિશેષ અતિથી પ્રીતિબેન મોમાયા, અનિલાબેન વિકમસી, પ્રબોધભાઈ મુનવર, દિલીપભાઈ મોતા, હરીશભાઈ લોડાયા, હીરાચંદભાઈ છેડા, કુણાલભાઈ ડાઘા, જયાબેન મુનવર અને જયુબેન શાહ સહિત સારી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરોક્ત ઉપરાંત તુષારભાઈ જૈન, દર્શનભાઈ લોડાયા, અભયભાઈ ધરમશી, પંકજભાઈ નાગડા, દિલીપભાઈ સાયલા, નીરવભાઈ મોતા અને ધવલભાઈ છેડાએ વિવિધ જવાબદારીઓ ઉપાડી કાર્યક્રમને સ્મરણીય બનાવ્યો હતો.

### મસ્કા રાજગોર બોર્ડિંગ શતાબ્દી

મસ્કા તા. માંડવીમાં સ્થાપિત રાજગોર બાળાશ્રમની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂરા થયા. વિશેષ વાર્ષિક અહેવાલ રજુ કરાયો છે. બાળાશ્રમ સિવાય બાલિકાશ્રમ, શિશુકુંજ વાટીકાના અહેવાલ પણ પ્રસિદ્ધ કરાયા છે.

બાળાશ્રમના ભૂતપૂર્વ બોર્ડર, મોરબી જિલ્લાના શિક્ષણ અધિકારી કમલેશ મોતા, મોરબીના સબ રજિસ્ટ્રાર જયંતી ગોર અને સંસ્થાના ઉપપ્રમુખ ચંદ્રકાંત મોતા વિશેષ અતિથી તરીકે હાજર રહ્યા હતા.

### લુપ્ત બહુરૂપીયા કળા

આજના મનોરંજનના ઈલેક્ટ્રોનિક માધ્યમો અને સર્વ સુલભ થયેલા સિનેમાના મનોરંજન જગત પર આધિપત્ય વચ્ચે જુની બહુરૂપિયા કળા વિલુપ્ત થઈ રહી છે. જો કે ગામડાઓમાં ક્યાંક ક્યાંક વેશ પરિવર્તન કરી વિવિધ વેશ ધારણ કરનારા કલાકારોને ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. ગામે ગામ ફરી સાધુ, રાજા, દેવતા, પોલીસ વગેરે વેશ ધારણ કરી એમની આબેહુબ નકલ કરનારા બહુરૂપિયા બાળકોના ખાસ પ્રિય હતા. મોટાઓ પણ આનંદ લઈ એમને કંઈક દાન દક્ષિણા, સીધું આપતા.

રજવાડા પણ આ કલાકારોને આશ્રય આપતા ઘણીવાર પોતાના પાટનગરમાં મહિનો-મહિનો રોકાતા એમ નખત્રાણાથી ભુજ આવેલા બહુરૂપિયા અદાકાર દશરથભાઈ જણાવે છે. એમનો પરિવાર પેઢી દર પેઢી વેશ કળાનું પ્રદર્શન કરે છે. લોકજીવનની આ અનોખી કળાને સંરક્ષણ જરૂરી છે. સમાજના આગેવાન શ્રેષ્ઠીઓ અને સરકાર તથા જન પ્રતિનિધિઓએ પહેલ કરવી જોઈએ.

### લીવરને ૨૪ કલાક સજીવ રાખતું મશીન

સાડાઉના અમેરિકા નિવાસી જ્યોતિબેન ધરોડ (ગાલા) જ્યોર્જ ટાઉન યુનિવર્સિટીની હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ માટેના લીવરને ૨૪ કલાક સુધી જીવંત રાખી શકાય એવું મશીન વિકસાવનાર ટીમમાં સામેલ હતા. આ ઓર્ગન ઓક્સ મશીનમાં લીવર ૨૪ કલાક જીવંત રાખી શકાતું હોઈ ટ્રાન્સપ્લાંટની સંખ્યા વધી શકે છે.

### ડૉ. હીરાણી બેસ્ટ ઈએનટી સ્પેશિયાલિસ્ટ

બી.જે. ઠક્કર મેડીકલ કોલેજના ગોલ્ડ મેડલિસ્ટ ડૉ. નરેન્દ્ર હીરાણીને પશ્ચિમ ક્ષેત્રના બેસ્ટ ઈએનટી તબીબનો દિલ્હી ખાતે હેલ્થ કેર એવોર્ડ એનાયત થયો છે. ડૉ. હીરાણી હાલ ગૌતમ અદાણી જી.કે. જનરલ હોસ્પિટલમાં ફરજ પર છે. અદાણી મેડીકલ કોલેજમાં વિજીટીંગ પ્રોફેસર પણ છે.

### કુંઢી મે જે રાજમેં પ્વારજા પડાવ

મેઘ મહેરના પગલે એશિયાના સૌથી મોટા ઘાસ મેદાન બન્નીમાં હાલ વાગડના પ્વાર રબારીઓએ પોતાના ઝીણા માલ (ઘેટા બકરી) સાથે પડાવ નાંખ્યો છે. અહીં બન્નીની

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

કુંઢી મે (આંકડીયા શીંગડા ધરાવતી ભેંસ) ધીંગા દૂધ માટે પ્રખ્યાત કુંઢા શીંગડાવાળી ભેંસોનું રાજ છે.

૧૮ હજાર ચો.કિ.મી. રણ વિસ્તારમાં ૨,૧૨,૦૦૦ હેક્ટર જમીન ફળદ્રુપ છે. પાલર પાણી સુકાયા પછી આ વિસ્તારમાં જિંજવો, શિયાડપુછો, ગધારો, છબ્બર, લંભ (બુહારીમાં વપરાતું) જેવા એકંદરે ૨૪ પ્રકારના ઘાસ લીલીવાડી બનાવે છે. આથી વાગડ સાઈડના રબારી દૂર ન જતા આ વિસ્તારમાં ભૂંગા ઉભા કરે છે.

ઘાસચારાના અભાવમાં કચ્છ બહાર કે અંદર ચરિયાણની શક્યતાવાળા વિસ્તારમાં આ રબારીઓ કુટુંબ કબીલા સાથે પોતાની ગૃહસ્થી લઈને નીકળી પડતા.

ઊંટ પર ખાટલો ઊંધો ઢાળી ઘર વખરી ગાદલા ગોદડા અને બાળકો કે નવા પશુબાળને ઝુલો નાખી પગપાળા સફર કરતા જોવા મળતા. આ કુદરતના દવલાઓની વણજાર એક અલગ ભાત પાડતી પણ હવે એના દર્શન દુર્લભ થયા છે. મેઘ મહેરના પગલે આ પ્રજાને થોડી રાહત તો મળી.

### ડૉ. જીત જોષી એમડી ગોલ્ડ મેડલિસ્ટ

આ વર્ષે કચ્છના ડૉ. જીત રાજેન્દ્ર જોષીએ સુવર્ણ ચંદ્રક (ગોલ્ડ મેડલ) સાથે એમ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે.

### આર્ટિસ્ટ ઈન રેસીડન્સી માં રોગાણ કળા

મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદીબેન મુર્મુએ હાલની તેમની કચ્છ મુલાકાત દરમિયાન નિરોણાની વિખ્યાત રોગાણ કળાના કસબી પદ્મશ્રી અબ્દુલ ગફુર ખત્રી, રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા સુમાર ખત્રી અને ઉદીયમાન રોગાણ કસબી સુલેમાન ખત્રીને રાષ્ટ્રપતિ ભવનમાં દિપાવલીની પૂર્વ સંધ્યાએ આયોજીત 'આર્ટીસ્ટ ઈન રેસીડન્સી' કાર્યક્રમમાં ખાસ આમંત્રિત કરાયા હતા.

સદર કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રપતિ ભવનમાં ચાર દિવસ માટે મહેમાન બનેલા ત્રણેય ખત્રી બિરાદરોએ ભવનમાં વિશ્વ વિખ્યાત ટ્રી ઓફ લાઈફના નિદર્શન સાથે ચાર રોગાણ કળા કૃતિઓ રાષ્ટ્રપતિ ભવનમાં સ્થાપિત કરાઈ છે.

સ્મરણીય રહે કે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ટ્રી ઓફ લાઈફ રોગાણ કૃતિ અમેરિકાના રાષ્ટ્રપતિને ભેટ આપી હતી. આશા છે આથી લુપ્ત થઈ રહેલી રોગાણ કળાનું પુનરુત્થાન થશે.

### વગડામાં મળી દેવીની પ્રતિમા

મોટી વિરાણીના શિક્ષક જગદીશભાઈ વાઘેલાને ભડલી થરાવડાના વગડાઉ વિસ્તારમાં એક પ્રાચીન જણાતી દેવીની પ્રતિમા મળી આવી છે. પ્રતિમા સારી સ્થિતિમાં જણાય છે. વધુ સંશોધન માટે સંબંધિત ખાતાને જાણ કરી દેવાઈ છે.

### ટાટા પાવર મુંદ્રાના વિવિધ પ્રકલ્પ

ટાટા પાવર મુંદ્રા કચ્છમાં અનેક સેવાકીય પ્રકલ્પ ચલાવે છે. જેમાં જળ અને કાંઠા વિસ્તારોમાં ૧૬ ગામોમાં માછીમારો માટે સાગર બંધુ પેય જલ સ્વાસ્થ્ય અને સ્વચ્છતા તથા સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ ચાલુ કર્યા છે. પશુઓની ભલાઈ માટેના કાર્યક્રમ હેઠળ લગભગ ૫૦૦૦ જેટલા ગાયભેંસ વગેરે પશુઓ માટે ચારા પુરવઠો, સ્વાસ્થ્ય સંભાળ અને આપત્તિ વેળા સહાય જેવા કાર્યક્રમનું સંચાલન મુખ્ય પ્રવૃત્તિઓ છે.

શિક્ષણ કાર્યક્રમમાં ડીઝીટલ સાક્ષરતા, કળા, હસ્તકળા પર્યાવરણ જાગૃતિ, સ્કોલરશીપની વ્યવસ્થા હેઠળ હાલ ૨૪ શાળાઓ કાર્યરત છે. જ્યારે ૨૦૦૦ પરિવાર સામાજીક અધિકાર સહાયતા પ્રાપ્ત કરશે. મહિલા ઉદ્યમશીલતા કાર્યક્રમ હેઠળ અનોખા ધાગા, પ્રોજેક્ટમાં વીઆરટીઆઈ, ૨૪ ગામોમાં તાલિમની વ્યવસ્થા છે. જેમાં ૨૦૦૦થી વધુ મહિલાઓ આત્મનિર્ભર બની છે.

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

• પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી • સાચી જરીની સાડીઓ બોર્ડર • જુના સાચા ઘરચોળા • કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલ્લીની સામે, માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ


❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

**જીવન ચક્ર**

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ


સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ)** – ભરૂડિયા

મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com

## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૧૦.૨૦૨૫ | નાસિક | સંયમ, તોરલ-મીહીર લોડાયા | તેરા | પુત્ર |
| ૧૩.૧૦.૨૦૨૫ | કોચીન | કીઆન, ચાર્મ-અંકિત મોમાયા | વરાડીયા | પુત્ર |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૧૦.૨૦૨૫ | બોરીવલી | હિમાંશુ મહેન્દ્ર ઉમરસિંહ નાગડા | નલીયા | ૩૦ |
| | ડોંબિવલી | જિનલ હિતેષ નારાણજી મોમાયા | સુથરી | ૨૫ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૧૦.૨૦૨૫ | જલગામ | નીરજ રાજેન્દ્ર લોખંડે | જલગામ | -- |
| | જલગામ | નીરાલી મનોજ ધરમશી | નલીયા | ૨૫ |
| ૨૬.૧૦.૨૦૨૫ | ઘાટકોપર | દીપ અમિત મહેતા | મોરબી | -- |
| | ઘાટકોપર | વિધી અતુલ ખોના | ગોરખડી | ૨૫ |

## આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૧૧.૨૦૨૫ | અંતરજાલ | હિત ઉદય હિરાચંદ નાગડા | પરજાઉ | ૨૯ |
| | કોટૂ (હિમાચલ) | મોનીકા પ્રવીણભાઈ રાણા | ગાંધીધામ | -- |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૦૯.૨૦૨૫ | માટુંગા (નાંદેડ) | રાજેન્દ્ર શામજી ધારસી લાપસીયા(ભુલ સુધાર) | દલતુંગી | ૭૨ |
| ૧૯.૧૦.૨૦૨૫ | ડોંબિવલી | વિનોદ પ્રેમજી ગોસર | બારોઈ | ૬૩ |
| ૧૯.૧૦.૨૦૨૫ | ડોંબિવલી | સુર્યકાંત વિશનજી રાયસી લોડાયા | નાની ખાવડી | ૮૧ |
| ૧૯.૧૦.૨૦૨૫ | ડોંબિવલી | નવલબાઈ ચંદ્રકાંત મૈશેરી | લાલા | ૮૦ |
| ૨૦.૧૦.૨૦૨૫ | ડોંબિવલી | ભરત મણીલાલ લાપસીયા | કોઠારા | ૬૦ |
| ૨૦.૧૦.૨૦૨૫ | અહમદનગર | મણીકાંત લક્ષ્મીચંદ ખીયરાજ લોડાયા (ભાટે) | રાપર | ૭૧ |
| ૨૧.૧૦.૨૦૨૫ | રાજાવાડી | હિરબાઈ વિશનજી મૈશેરી | સુથરી | ૯૧ |
| ૨૨.૧૦.૨૦૨૫ | ભાયંદર | સરલાબેન સોમચંદ ગોસર | બારોઈ | ૮૦ |
| ૨૨.૧૦.૨૦૨૫ | અગાસ | દમયંતી જીવરાજ લોડાયા | કોઠારા | ૭૯ |
| ૨૩.૧૦.૨૦૨૫ | ડોંબિવલી | પુષ્પાબેન નીતીન હિરાચંદ નાગડા | પરજાઉ | ૫૯ |
| ૨૩.૧૦.૨૦૨૫ | મુલુંડ | કુંવરજી ખીમજી દંડ | સેવક ભરૂડીયા | ૮૬ |
| ૨૪.૧૦.૨૦૨૫ | ઘાટકોપર | જયકાંત રાયચંદ મોતા | તેરા | ૭૨ |
| ૨૫.૧૦.૨૦૨૫ | કેનેડા | ચંદુલાલ માણેકજી નરશી લોડાયા | વરાડીયા | ૯૧ |
| ૨૭.૧૦.૨૦૨૫ | વાપી | અનિતા દિપક નાગડા | કોઠારા | ૪૧ |
| ૩૦.૧૦.૨૦૨૫ | પૂના | લીલાબેન રાયચંદ (RR) નાગડા | નલીયા | ૭૯ |
| ૩૦.૧૦.૨૦૨૫ | મુલુંડ | લખમશી જેઠાલાલ ગોસર | ગોએરસમા | ૮૩ |
| ૦૩.૧૧.૨૦૨૫ | વિરાર | રાજેશ દામજી મૈશેરી | મોટી સિંધોડી | ૫૬ |
| ૦૪.૧૧.૨૦૨૫ | ભાંડુપ | પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા | સુજાપર | ૮૭ |

**U M KHONA AND COMPANY**

CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS

# COMMITMENT TO EXCELLENCE



**OUR PRESENCE AT:**

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

**U M KHONA AND COMPANY**
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

jayant.lapsia@gmail.com

Tel.: 6155 9901

**www.umkhona.com**

**CB: 11/189**

# શ્રાવક ધર્મ



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

જ્યારે ભગવાન મહાવીર, વિહાર કરી ચંપાનગરીમાં પધાર્યા, ત્યારે તેમણે સુલસા નામની એક શિષ્યાની પ્રશંસા કરી અને તેમને ''ધર્મ લાભ'' ના આશીર્વાદ પાઠવ્યા. તેમની ભક્તિની કસોટી કરવા માટે, મહાશક્તિઓથી સંપન્ન તપસ્વી અંબડ વિવિધ દૈવી વેશ ધારણ કરીને તેમની પાસે પહોંચ્યા.

સૌપ્રથમ, યોગીના વેશમાં, તેમણે સુલસા પાસે, ભિક્ષા આપતા પહેલાં તેમના પગ ધોવાની માંગ કરી. સુલસાએ ના પાડી, કહ્યું કે તે ફક્ત ભગવાન મહાવીરના સાચા ભક્તોનું જ સન્માન કરશે. પછી, આગામી થોડા દિવસોમાં, અંબડ બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને નકલી પચ્ચીસમા તીર્થંકર તરીકે પણ પ્રગટ થયા. દરેક વખતે, સુલસાએ તેમની દિવ્યતાને અડગતાથી નકારી કાઢતા કહ્યું કે બ્રહ્માંડનો કોઈ સર્જનહાર નથી અને ફક્ત ભગવાન મહાવીર અને ૨૪ તીર્થંકરો જ પરમ પૂજનને પાત્ર છે. તેણે દેખાવ કે લોકપ્રિય માન્યતાઓથી પ્રભાવિત થવાનો ઇનકાર કર્યો અને પોતાની સમ્યક શ્રદ્ધામાં અડગ રહી.

તેની ભક્તિની શુદ્ધતા અને સત્યની ઊંડી સમજણને સમજીને, અંબડે પોતાની સાચી ઓળખ જાહેર કરી અને તેણી સમક્ષ નમન કર્યું. તેમણે સુલસાની જૈન ધર્મની સાચી અનુયાયી તરીકે પ્રશંસા કરી, જેમની સમજદારી, ભક્તિ અને વિવેકે તેમને શ્રદ્ધાનું એક ઉત્તમ ઉદાહરણ બનાવ્યા હતા. ભગવાન મહાવીરે પોતે તેમને 'ધર્મલાભ પામનાર' એટલે કે ધર્મનો સાર પ્રાપ્ત કરનાર તરીકે સન્માનિત કર્યા હતા.

વર્તમાન જૈન સમાજ તરફ નજર કરીએ તો, આપણે આગમોમાં, શાસ્ત્રોમાં વર્ણવેલ જનજીવન અને સમકાલીન શ્રાવકોના જીવન વચ્ચે ધરતી આકાશનું અંતર જોઈએ છીએ. શ્રાવક સમુદાય વિદેશી સંસ્કૃતિઓ અને ચીલઝડપી ગતિશીલ આર્થિક વાતાવરણથી પ્રભાવિત દેખાઈ રહ્યો છે. આને કારણે પ્રાચીન જૈન શાસ્ત્રોમાં વર્ણવેલ વિશિષ્ટ રિવાજો ધીમે ધીમે અદૃશ્ય થઈ રહ્યા છે. સમયની જરૂરિયાત એ છે કે પ્રાચીન શ્રાવક ઋદ્ધિઓ અને ધોરણોને એ રીતે પરિવર્તિત કરવામાં આવે જેથી તેઓ વર્તમાન યુગમાં સુસંગત રહે.

આ કરવા માટે, આપણે સૌ પ્રથમ સાચા શ્રાવકના નીચેના મુખ્ય ગુણોને સમજવાની જરૂર છે:

- **સમ્યક દર્શન પ્રત્યેની લગનીઃ**

  શ્રાવક જૈન ધર્મમાં ઊંડી અને નિષ્ઠાવાન શ્રદ્ધા ધરાવે છે, જે તેના કાર્યો અને માન્યતાઓને માર્ગદર્શન આપે છે.

- **અણુવ્રતોનું પાલનઃ**

  પોતાની દૈનિક પ્રવૃત્તિઓમાં, અહિંસા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરતાં, તે અણુવ્રતો એટલે કે પાંચેય મહાવ્રતોના ઓછા કડક સ્વરૂપોનું પાલન કરે છે.

- **પુણ્ય અને પાપની સમજઃ**

  એક શ્રાવક પુણ્ય અને પાપના તત્વોને સમજે છે અને આશ્રવ અર્થાત નવા કર્મોના જીવ તરફ આવતા સતત પ્રવાહને ઘટાડવા માટે કાર્ય કરે છે.

- **નૈતિક આચરણઃ**

  તે પોતાની જીવનશૈલીમાં, અન્ય જીવોને ઓછામાં ઓછું નુકસાન પહોંચાડવા સંયમ અને અહિંસાનો સમાવેશ કરવાનો સભાન પ્રયાસ કરે છે.

- **શ્રાવકઃ**

  ''શ્રાવક'' શબ્દ ''શ્રુ'' મૂળ પરથી આવ્યો છે, જેનો અર્થ ''સાંભળવું'' થાય છે. એક સાચો શ્રાવક તીર્થંકરો અને ગુરુઓના ઉપદેશોને ખંતપૂર્વક સાંભળે છે અને આત્મસાત કરે છે.

- **આધ્યાત્મિક ઉત્થાનઃ**

  એક શ્રાવક, જૈન સમાજ અને સંસ્કૃતિના ગૌરવ અને

પ્રતિષ્ઠાને વધારવા માટે સક્રિયપણે પ્રયાસ કરે છે.

- **સમ્યક દર્શનની લાક્ષણિકતાઓ:**

એક સાચો શ્રાવક સમ્યક દર્શનના પાંચ લક્ષણો ધરાવે છે:

- શમ (સમતા): તીવ્ર કષાયો (ક્રોધ, અભિમાન, ભ્રમ, લોભ)નું સ્વયંભૂ દમન.
- સમવેગ (મુક્તિની તીવ્ર ઇચ્છા): મુક્તિ પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા.
- નિર્વેદ (વૈરાગ્ય): ઉદાસીનતા (દુનિયાથી અલગતાની લાગણી).
- અનુકંપા (કરુણા): બધા જીવો પ્રત્યે કરુણા.
- આસ્તિક્ય (શ્રદ્ધા): આત્મા, કર્મના નિયમ અને પુનર્જન્મમાં મજબૂત શ્રદ્ધા.

**મુખ્ય ધાર્મિક કાર્યો અને ત્યાગ**

શ્રાવકના કેટલાક મુખ્ય કર્તવ્ય અને ત્યાગ નીચે મુજબ છે:

- પ્રતિબંધિત ખોરાકનો ત્યાગ: દારૂ, માંસાહારી ખોરાક, મધ વગેરેનો ત્યાગ.
- પંચ ઉદુમ્બર ત્યાગ: અસંખ્ય જીવો ધરાવતા ફળોનો ત્યાગ (ઉદાહરણ તરીકે અંજીર).
- દાન: ચાર પ્રકારના દાન.
- દેવ, શાસ્ત્ર અને ગુરુની પૂજા: જિનેન્દ્રો, આગમ અને ગુરુઓની પૂજા.

ષટકર્તવ્ય (છ ફરજો): ભગવાનની પૂજા, ગુરુની પૂજા, સ્વાધ્યાય, આત્મસંયમ, તપસ્યા અને દાન એ છ ક્રિયાઓનો રોજબરોજના જીવનમાં સમાવેશ.

અપરિગ્રહ (સંગ્રહને મર્યાદિત કરવો): પોતાની ઇચ્છાઓ અને સંપત્તિને મર્યાદિત કરવી.

એક સાચો શ્રાવક નિષ્પક્ષ, વિશ્વસનીય, ઉદાર, નમ્ર અને દયાળુ હોય છે. તે છેતરપિંડી કરતો નથી અને શક્ય હોય ત્યારે બીજાઓને મદદ કરે છે.

જૈન દર્શન સાથે આપણી જીવનશૈલીનો સુમેળ બેસાડવા માટે આપણે જે ફેરફારો કરીએ, તે આપણે ધર્મ ના શક્ય તેટલા પરંપરાગત પાસાઓને જાળવી રાખીને કરવા જોઈએ.

***

## નવા/બદલાયેલા સરનામા/ફોન

**(પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

**Shri Narendra Kunvarji Shah (Dand) (PS-3615)**
I-1103/04, Lodha Panacea, Near Jain Mandir,
Bhadra Nagar, Sandapgaon,
Dombivali (East), MH - 421 204.
M.: 95954 28383.

**Shri Chimanlal Ladhubhai Lodaya (PS-1595)**
302, The Pinnacle Jamnaram CHS, 3rd Floor,
Opp R P Road, Opp Rahul Tower,
Mulund (West), MH - 400 080.
M.: 98672 85195.

**Shri Deepak Khimji Lodaya (PS-7077)**
601, Vaishnavi Residency, 6th Floor,
Plot No 33, Ayodhya Nagri, Krisnai Nagar,
Opp. Guru Govind Singh College,
Nashik, MH - 422 009.
M.: 77290 18069.

**Ms. Jital Hirachand Chheda (PS-280)**
102, Anandi Bhavan CHSL,
Near Tembhi Naka Jain Mandir &
Abhyudaya Bank, Teli Galli, Tembhi Naka,
Thane (West), MH - 400 602,
M.: 92205 49421.

હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

Life Power

# Love Marriage: A Union of Choice and Challenge

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



**“Love is not just something you feel, it is something you do." – David Wilkerson.**

Marriage, one of the oldest human institutions, has evolved with time. Among its many forms, love marriage stands out as a reflection of modern values — emphasizing personal freedom, emotional connection, and individual choice. In contrast to arranged marriages, where families play a central role, love marriages emerge from mutual affection and understanding between two individuals. While they symbolize progress and personal empowerment, they also come with unique challenges that test the strength of love and commitment.

**The Merits of Love Marriage**

At the heart of every love marriage lies emotional compatibility. Partners choose each other based on shared interests, values, and aspirations. This emotional foundation often results in better communication and understanding. Since the couple already knows each other's personalities, expectations, and weaknesses, there tends to be more openness and acceptance.

**"The best thing to hold onto in life is each other." – Audrey Hepburn.**

Another advantage is individual freedom and equality. Love marriages allow both partners, especially women, to exercise agency in choosing their life companions. This promotes respect, independence, and a sense of partnership rather than hierarchy. The couple builds their relationship on trust and friendship, creating a bond that often transcends societal and cultural barriers.

Love marriages also encourage social progress. They challenge outdated traditions such as caste discrimination or forced alliances, promoting inclusivity and the idea that love knows no boundaries. In this sense, love marriage represents not only a personal choice but also a step toward a more compassionate and open-minded society.

**The Challenges of Love Marriage**

However, love marriages are not without difficulties. One major challenge is family opposition. In societies where arranged marriages are the norm, couples who marry for love may face disapproval, emotional distance, or even estrangement from their families. This can create psychological stress and strain on the relationship.

**"Where there is love, there is always a test." – Anonymous**

Another issue is the idealization of love. Before marriage, couples may view each other through a romantic lens, but marriage brings new responsibilities, financial pressures, and differences in lifestyle. When reality replaces fantasy, disappointment may arise if emotional maturity and adaptability are lacking.

Moreover, without family involvement, love marriages sometimes lack the support

*cont...pg no. 34*

Money Matter

# Are You Retirement-Ready? The Urgent Checklist to Protect Your Future

**Diipesh Daghha – Varadia (Bhandup),** Mob.: 99 1562 1562
MBA (Fin), QPFP, Founder – GrowthQuest
www.growthquest.in, diipeshdaghha@gmail.com



By the time most of us enter our 50s, retirement stops being a distant idea and starts becoming a visible milestone. The children are older, career responsibilities are stabilizing, and for the first time in decades, you begin to ask yourself: *“How much longer do I want to work — and will I have enough money to be financially independent when I stop earning?”*

Ten years may sound like a long time, but from a retirement planning perspective, this is the **final lap.** What you do in the next decade will determine whether you retire with comfort — or compromise.

**The Reality Most People Miss**

A retirement of 20–30 years without a monthly salary requires more than just “some savings.” It requires structure, foresight, and careful planning.

Surveys already show that **70% of Indians believe their retirement savings will last only 10 years,** even though life expectancy is steadily rising beyond 80. With medical costs rising faster than normal inflation, this gap can quietly become a financial burden.

Your goal in the coming decade is no longer aggressive wealth creation — it is **securing your lifestyle for the long haul.**

**Step One: Know Your Corpus**

Make a realistic estimate of how much money you will need per month after retirement. Then adjust it for inflation. A monthly expense of 1 lakh today may become **2.5 to 3 lakhs** twenty years later. That means your retirement corpus needs to last through decades, not years.

**Step Two: Redesign Your Portfolio**

Your investment strategy must gradually shift from *high growth* to *high stability*. Equity still has a role — because inflation doesn't stop after retirement, but the priority now is preserving capital and generating predictable income. This is when asset allocation matters more than chasing returns.

**Step Three: Eliminate High-Cost Liabilities**

Entering retirement with EMIs is like beginning a marathon with heavy weights strapped to your back. The next 10 years should be about **reducing debt,** not adding more.

**Step Four: Secure Your Health First**

A medical emergency can undo years of financial discipline. Adequate health insurance, along with a medical buffer fund, is not optional at this stage — it is protection for both your savings and your dignity.

**Step Five: Build a Post-Retirement Income Plan**

You may stop working after your retirement, but your money shouldn't. A well-designed withdrawal strategy — combining safety, liquidity, growth and tax efficiency — ensures your lifestyle remains independent.

Ask yourself today: *“If my salary stopped tomorrow, would my finances be ready to support the life I want?”* If the answer is uncertain, this is your moment to realign, correct course, and prepare wisely — before time narrows your choices.

***

Kuber Bhandar

# Personal financial planner / advisor – needs assessment

**CA Jatin Jaichand Lodaya, Naliya (Chembur)**
Cofounding Partner of FinaLiteY LLP - Mumbai
jatinlodaya@gmail.com | 9820791226



Do you desire that you had someone, well experienced in the personal finance space, who will listen patiently and understand your psychology of money, life style requirements, life stage that you are in, your risk appetite, liquidity needs, and your financial goals. Someone who understands the financial economics, markets, products, a bit about taxation……basically a subject matter expert. Someone who will evaluate your existing wealth, manage it, ring fence it, help it grow at a reasonable positive real rate of return, suggest potential investment products based on the above, conduct periodic reviews along with knowledge sharing & suggestions, and also assist in administrative aspects including form filling & submission, maintaining adequate records.

Basically, a certified financial planner / advisor would tick all of the above and potentially more items. So, if someone who is educated, knowledgeable, certified, registered; puts all prudent efforts for you and your money, that person surely deserves the right to earn from you.

'Fee-only' or 'Fee-based' planners/ advisors are either Certified Financial Planners, Chartered Wealth Managers, Chartered Accountants, Mutual Fund Distributors, Portfolio Managers, Graduates who have passed exams conducted by NISM, and are registered with SEBI. Usually, financial planners will help in your entire financial planning (i.e., goal-based investing, retirement planning, tax strategies, debt management, insurance review, and estate planning, rather than focusing just on investment products) against a certain fee and then direct / expect you to go direct or seek help of another intermediary (e.g., mutual fund distributors, stock brokers, portfolio managers) for execution. Such fee-only planners usually charge a fixed fee. Those who provide extended services may charge their fees as a fixed charge per transaction, or a percentage of AUM (e.g., PMS) and earn commission from the product owners e.g., mutual fund houses, insurers.

Ideally, you should not engage such services merely based on hearsay or other's recommendations / feedback. You should interact in person, gauge for yourself on your comfort levels. Remember that you will be disclosing all your personal finance details with this individual. Agree to seek services only after you feel comfortable as this will be a long-term association. Take your time, do not rush. Evaluate if the same person will be able to provide all the services that you are looking for. Be transparent with your objectives & expectations to avoid surprise elements or potential conflicts in the future. It's wise to ask and check references from former clients and seek feedback.

You should opt for a fee-only financial

*cont...pg no. 34*

Stay Healthy

# VERTIGO [CHAKKAR]

**Dr. Jayantilal P. Khona (LECH)-Jakhau (Mulund)**
Mob. : 8779985316



Vertigo is a **MEDICAL SYMPTOM** of lots of health conditions & **IS NOT A DISEASE ITSELF**, but can occur along with other symptoms.

It is **SENSATION** that the environment around you are rotating /spinning in circles or you are spinning around, EVEN when there is no actual motion. It is commonly associated with problem in the **INNER EAR OR IN BRAIN.**

1] **MORE COMMON (PHERIPHERAL VERTIGO**) caused by problem in inner ear or vestibular nerve.

*Triggered by head movement, fluid buildup in the inner ear with hearing loss, mostly viral inflammation+ infection.

2] **CENTRAL VERTIGO** caused by issues in the brain specially cerebellum or brain stem structure in the brain.

* Stroke/transient ischemic attack, migraine, brain injury / tumor.

3] **OTHER CAUSES** varies from person to person. Migraine headache, certain medicines, (antibiotics, anti-inflammation, cardiovascular drugs & many more), clot in heart / brain/lung blood vessel, heart attack, irregular heartbeat, arrhythmia, bleeding in stomach /intestine, prolonged bed rest, diabetes, herpes infection of ear, head injury, ear surgery, low blood pressure in up right position, leak in the ear, ataxia, muscle joint weakness ,brain trauma/disease, hyper ventilation.

**PERSON MAY EXPERIENCE OTHER SYMPTOMS WHEN HE HAS VERTIGO.**

**LIKE** nausea/ vomiting, dizziness, balance /stability issue, hearing loss in one or both ears, ringing noise in the ears, headache/ motion sickness, feeling of fullness in the ear, rapid uncontrolled side to side movement of the eyes.

**INVESTIGATION** INCLUDES > PHYSICAL EXAMINATION, MRI/CT SCAN, AUDIOMETRY, ETC.

**TREATMENT DEPENDS UPON THE CAUSE OF THE VERTIGO**.

1) Avoid sudden head movement or activities / exercises involving sudden head movement.
2) Stay hydrated.
3) Low salt, caffeine, alcohol in Meniere's disease
4) Manage stress as it worsen symptom, use support (eg. CAN /STICK TO PREVENT FALL)
5) **HEALTH CARE DOCTOR MAY PROVIDE MEDICINES** LIKE meclizine, dimenhydrinate, beta histine, vertin, cinnarazine, promethazine etc. **for relief of symptom**
6) Vestibular rehabilitation therapy
7) Neck reposition Manu plication.

***

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

Student Corner

# FAIR ISN'T LOVELY

**Dr. Aparna Ritesh Nagda-Naliya (Dombivali)**
Mob.: 98339 74009, E-mail : aparnanagda04@gmail.com
Consulting Homoeopath, Child Counselor and Author of The Labyrinth of Silence



Doesn't the Title Remind You of a Famous 90s Advertisement?

A fairness cream that rose to fame for promising milky white skin. Yes, I'm talking about that very cream whose sales reflected the Indian mindset. Mothers of marriageable-age daughters and college-going girls bought the tubes in bulk. The popular cream sat proudly in almost every bathroom cabinet.

If that wasn't enough, other pharmaceutical companies soon came up with similar formulas, all promising quick lightening of dark skin. While today the market may not be flooded with such fairness products, we still see young people rushing to skin clinics for lightening and tightening treatments.

Have we ever thought about how a beauty cream or fairness commercial affects our children? When a depressed girl suddenly becomes happy after applying a cream, our children begin to believe that fairness equals beauty. If one is not of snow-white complexion, they are made to feel unworthy of happiness. Similarly, when a young man lands his dream job after washing his face with a fairness product, it sends the wrong message that success lies in mere grooming.

Is this fair?

Our children need to know that being dark, or even being "ugly" by societal standards is perfectly okay. Beauty doesn't lie in the eyes of the beholder; it resides in the attitude of the onlooker. If you find yourself beautiful, no one in this world can deny that truth. Beautiful or not, a heart of gold is what truly leads to a contented life.

Yet, even today, a fair, chubby child is often chosen over a lanky, dark-skinned kid to represent health brands advocating child nutrition. Posters in gynaecological clinics feature light-skinned, brown-haired babies with blue eyes. The Amul girl, the Parle-G child, and the Rasna girl, all iconic faces, were blessed with lighter skin tones. Even dark chocolate commercials rarely feature children with chocolate-brown skin.

Alas! The irony is hard-hitting.

While the Western world books trips to Goa for a sun tan, we are busy booking appointments with dermatologists for skin lightening. Melanin, the pigment responsible for skin colour, increases on exposure to sunlight. Living in tropical regions naturally gives us darker skin and that has nothing to do with confidence, success, or happiness. It is nature's way of distinction and diversity. Skin colour has built races and ethnicities; let it not further divide our communities.

What Should a Child Know About Skin Colour?

Dark or fair, it doesn't determine your future. Dark-skinned people are not scary or criminals, and light-skinned people are not god-sent angels.

Fairness treatments will only exhaust you;

better use that energy to improve your grades.

People will love you for your kindness, not your complexion.

Advertisements are meant for entertainment. Some may teach lessons, but most should be taken with a pinch of salt.

Some of the world's most successful leaders, like Barack Obama, are dark-skinned.

In Conclusion

While there's a lot to say, one thing is clear -fair doesn't necessarily mean lovely. Let's be fair to dark-skinned people and, more importantly, be comfortable in our own skin.

***

**Kuber Bhandar** cont. pg no. 31

planner primarily to receive objective and unbiased advice, as their sole compensation comes directly from you. You know exactly what you are paying for and why, as their fees are clearly outlined upfront. There are no hidden charges or commissions eating into your returns. It is not based on portfolio's performance, so whether you make profits or losses, the advisor's fees are payable. Their recommendations are based purely on your best interests and financial goals, not potential sales incentives.

Sometimes the right advice at the right time matters! Good luck.

***

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

**Life power** cont. pg no. 29

system that arranged marriages enjoy. In times of conflict, the couple may not have elders to mediate or guide them, leading to isolation or unresolved issues.

Conclusion

Love marriage, therefore, is both a celebration of freedom and a test of endurance. It reflects a shift toward personal autonomy and emotional honesty in relationships. Yet, for it to succeed, love must go beyond attraction — it must grow into understanding, patience, and shared responsibility.

"A successful marriage requires falling in love many times, always with the same person." – Mignon McLaughlin.

In the end, whether arranged or love-based, marriage thrives not merely on choice but on commitment. Love marriage beautifully reminds us that while love may begin the story, it is mutual respect, trust, and resilience that make it last.

**નમ્ર નિવેદન :**

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ–મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

**વિગતવાર સમાચાર મોકલવા નિવેદન**

જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, મંડળોની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના વિગતવાર સમાચારો ફોટોગ્રાફ સાથે સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલવા નિવેદન. તે ઉપરાંત વિશેષ શૈક્ષણિક, સામાજીક, સાંસ્કૃતિક તથા રમતગમત ક્ષેત્રની સિદ્ધિઓની વિગતો પણ ફોટોગ્રાફ સાથે મોકલવા વિનંતી. આપે મોકલેલા વિગતવાર સમાચારોને યથાયોગ્ય રીતે પ્રકાશિત કરવાનો અમારો પ્રયાસ રહેશે. **– તંત્રી મંડળ**

# અચલગચ્છના પૂજનીય સુસાધ્વી ત્રિવેણીને પદવી પ્રદાન

અચલગચ્છ શ્રમણી વૃંદમાં સાધ્વી મુખ્યા પ્રવર્તિની મહત્તરા સુસાધ્વી શ્રી ચંદ્રોદયશ્રીજી મ. સા. ભાદરવા સુદ ૧૦ તા. ૧/૯/૨૦૨૫ ના કાળધર્મ પામી વિદાય થતા; દીર્ઘ સંયમી, પ્રવર્તિની સુસાધ્વી પ. પૂ. શ્રી હંસાવલીશ્રીજી મ.સા. ને ‘‘પ્રવર્તિની મહત્તરા- મુખ્યા સાધ્વી’’ પદે માટુંગા મુકામે જાહેર કરાયા હતા.



પ.પૂ. સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મ.સા.



પ.પૂ. સાધ્વી શ્રી મહોદયશ્રીજી મ.સા.



પ.પૂ. સાધ્વી શ્રી વિનયપ્રભાશ્રીજી મ. સા.

હવે અચલગચ્છાધિપતિ, આચાર્ય ભગવંત પ.પૂ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજીએ, વિ. સં. ૨૦૮૧ કારતક સુદ-૨, બુધવાર ૨૨/૧૦/૨૦૨૫ના દીર્ઘસંયમી સુસાધ્વીથી પ. પૂ. મહોદયશ્રીજી મ.સા. ને ‘‘પ્રવર્તિની’’ પદવી અને દીર્ઘસંયમી સુસાધ્વી પ.પૂ. શ્રી વિનયપ્રભાથીજી મ.સા. ને ‘‘સંઘ સ્થવીરા’’ પદવી અર્પણ કરવાની આજ્ઞા કરેલ છે.

આમ દ્વિતીય - તૃતીય પદે સુસાધ્વી પ.પૂ. શ્રી મહોદયશ્રીજી મ.સા. અને સુસાધ્વી પ.પૂ. શ્રી વિનયપ્રભાથીજી મ.સા. ને અલંકૃત કરવા મુહૂર્ત પ્રદાન કરવામાં આવ્યું છે. તે શ્રેષ્ઠ મુહુર્તમાં પદપ્રદાન મહોત્સવનું આયોજન કરવામાં આવનાર છે, જેની વિગતો નીચે મુજબ છે:

## ‘‘પ્રવર્તિની પદ- સંઘસ્થવીરા’’ પદ પ્રદાન મુહૂર્ત

## વિ.સં. ૨૦૮૨ માગસર વદ-૩, રવિવાર તા. ૭/૧૨/૨૦૨૫, શ્રી મોટી ખાવડી ખાતે

પદ પ્રદાનાર્થે નિષ્ઠા પ્રદાન માટે સદાનંદી ગણિવર્ય પ. પૂ. શ્રી રાજરત્નસાગરજી આદિ ઠાણા પધારશે.

આ ઉપલક્ષે, પ્રકાશ સમીક્ષા ત્રણેય પૂજ્ય શ્રી સાધ્વીજીઓનું ગુણસંકીર્તન કરતાં, તેમને કોટી-કોટી વંદન કરે છે.

## સમાચાર

### શ્રી સુવિધિનાથ દેરાસર-તિરૂપુર



તા. ૨૧.૧૦.૨૦૨૫ના શ્રી સુવિધિનાથ દેરાસર-તિરૂપુરના દ્વાર ઉદઘાટન પ્રસંગે બહોળી સંખ્યામાં ભાઈઓ અને બહેનો પધારેલ.

### પાસ થયા અભિનંદન



આદિત્ય રાજેશ ધરમશી-સુથરી (બેંગ્લોર)

M.E.

તેમણે લીન્કોપીંગ યુનિવર્સિટી સ્વીડનમાંથી Masters in Electronics Eng.ની ડીગ્રી મેળવી છે.

### તપસ્વીની અનુમોદના




વિમલ ઉષાબેન રમેશ ખોના સુથરી (કોચીન), ૧૦૮ દિવસનું આયંબિલ તપ કરેલ છે.

### શ્રી છત્તીસગઢ કદઓ જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર



મહાજન દ્વારા નવરાત્રીના શુભ અવસર પ્રસંગે તા. ૨૮.૦૯.૨૫ના શ્રી મહાકાલી માતાજીની ભાવના અને ગરબા, દાંડીયા સૌ. શીતલબેન વ્યાસની સંગીતમય ટીમ સાથે રાખવામાં આવેલ.

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2024-2026 WPP Licence No. MR/Tech/WPP-352/North/2024-26
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001



# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી

## શ્રીમતી લીલાબેન રાયચંદ નાગડા

**નલિયા (પૂના), ઉંમર : ૭૯ વર્ષ**

**અરિહંતશરણ : તા. 30-૧૦-૨૦૨૫**

પ્રકૃતિપ્રેમી, શિક્ષિત, સ્નેહાળ અને સેવાભાવી એવા લીલાબેનના નિધનથી પરિવાર, જ્ઞાતિ અને સમાજને મોટી ખોટ પડી છે. પ્રકાશ સમીક્ષાના પૂર્વ તંત્રી સ્વ. રાયચંદભાઈના જીવનસંગીની લીલાબેન જ્ઞાતિ સેવાના કાર્યોમાં સહયોગી બન્યા હતા.

પરિવાર ઉપર આવી પડેલા આ આઘાતને સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય અને લીલાબેનનો આત્મા શીઘ્રાતિશીઘ્ર મોક્ષગામી બને એવી પ્રભુ પ્રાર્થના સહ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી.

**લી. પ્રકાશ સમીક્ષા સમિતી**



# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી

## સ્વ. જયકાંતભાઈ રાયચંદભાઈ મોતા

**તેરા (ઘાટકોપર) ઉંમર : ૭૨ વર્ષ**

**અરિહંતશરણ : તા. ૨૪.૧૦.૨૦૨૫**

સાહિત્યપ્રેમી, સરળ અને સાદગીપૂર્ણ વ્યક્તિત્વ ધરાવતા શ્રી જયકાંતભાઈના નિધનથી દુઃખની લાગણી અનુભવીએ છીએ. પ્રકાશ સમીક્ષા સાથે અનેક વર્ષોથી લેખક તરીકે સંકળાયેલા શ્રી જયકાંતભાઈ જ્ઞાતિ ઉત્કર્ષના પ્રખર સમર્થક હતા.

પરિવાર ઉપર આવી પડેલા આઘાતને સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય અને જયકાંતભાઈનો આત્મા શીઘ્રાતિશીઘ્ર મોક્ષગામી બને એવી પ્રભુ પ્રાર્થના સહ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી.

**લી. પ્રકાશ સમીક્ષા સમિતી**

*If not delivered please return to :*

C/o. A/704, Remi Bizcourt, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053.

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**